RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 271* Date: 28.07.2024 Thurday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ઈડીની તપાસ, ધરપકડ અને સંપત્તિને એટેચ કરવાના અધિકારને સુપ્રીમ કોર્ટે યથાવત રાખ્યો

### સુપ્રીમ કોર્ટનો નિર્ણય પી ચિદમ્બરમ અને અન્ય રાજકારણીઓ માટે એ 'ચિકન પોતે જ ફ્રાય થવા આવી ગયું' જેવું છે :સુબ્રમણ્યમ સ્વામી

નવીદિલ્હી,તા.૨૭

મની લોન્ડરિંગના વિભિન્ન કેસમાં પૂછપરછનો સામનો કરી રહેલા નેતાઓને સુપ્રીમ કોર્ટે રાહત ન આપી. મની લોન્ડરિંગ હેઠળ ઈડીની ધરપકડના અધિકારને સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવ્યો. કોર્ટે કહ્યું કે ઈડીની ધરપકડની પ્રક્રિયા મનમાની નથી.

સુપ્રીમ કોર્ટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની વિભિનેન જોગવાઈઓની માન્યતાને યથાવત રાખી. કોર્ટે કહ્યું કે અધિનિયમ હેઠળ જામીન માટે કડક શરતો કાનૂની છે, તે મનમાની નથી. અત્રે જણાવવાનું કે વિવિધ આરોપીઓ દ્વારા સુપ્રીમ કોર્ટમાં લગભગ ૨૫૦ જેટલી અરજીઓ દાખલ થઈ હતી જેના પર સુનાવણી બાદ કોર્ટે આ આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે ઈડી અધિકારીઓ માટે મની લોન્ડરિંગના કેસમાં કોઈ અપરાધીને અટકાયતમાં લેવાનો સમય ધરપકડ આધારને જણાવવું જરૂરી નથી.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં ઈડીની તપાસ, ધરપકડ અને સંપત્તિને એટેચ કરવાનો અધિકાર યથાવત રાખ્યો છે. આ સાથે જ કોર્ટે કહ્યું કે તપાસ દરમિયાન ઈડી, એસએફઆઈઓ ડીઆરઆઈના અધિકારીઓ (પોલીસ ઓફિસર નહીં) સામે નોંધાયેલા નિવેદનો પણ કાયદેસર પુરાવા છે. આ સાથે જ કોર્ટે કહ્યું કે આરોપીને ઈસીઆઈઆર (ફરિયાદની કોપી) આપવી પણ જરૂરી નથી. આરોપીને જણાવી દેવામાં આવે કે તેને કા આરોપ હેઠળ ધરપકડ કરાઈ રહ્યા છે તે જણાવવું પુરતું છે.

કાર્તિ ચિદમ્બરમ, અનિલ દેશમુખની અરજી સહિત કુલ ૨૪૨ અરજીઓ પર આ ચુકાદો આવ્યો.



કોર્ટે કહ્યું કે પીએમએલએ હેઠળ ધરપકડનો ઈડીનો હક યથાવત રહેશે. ધરપકડની પ્રક્રિયા મનમાની નથી. જસ્ટિસ એએમ ખાનવિલકર, જસ્ટિસ દિનેશ માહેશ્વરી અને સીટી રવિ કુમારની સ્પેશિયલ બેન્ચે આ ચુકાદો આપ્યો.

જસ્ટિસ ખાનવિલકરે ચુકાદો આપતા કહ્યું કે સવાલ એ હતો કે કેટલાક સંશોધન કરાયા છે, તે થઈ શકે તેમ નહતા. સંસદ દ્વારા સંશોધન કરી શકાતા હતા કે નહીં, આ સવાલ અમે ૭ જજોની પેનલ માટે ખુલ્લો છોડ્યો છે. કોર્ટે કહ્યું કે કલમ ૩ હેઠળ ગુનો ગેરકાયદેસર લાભ પર આધારિત છે. ૨૦૦૨ કાયદા હેઠળ અધિકારી કોઈના ઉપર ત્યાં સુધી કેસ ન ચલાવી શકે જ્યાં સુધી એવી ફરિયાદ કોઈ સક્ષમ મંચ સમક્ષ પ્રસ્તુત ન કરવામાં આવે. કલમ ૫ બંધારણીય રીતે માન્ય છે. આ એક સંતુલનકારી કાર્યપ્રદાન કરે છે અને દેખાડે છે કે અપરાધની આવકની ભાળ કેવી રીતે મેળવી શકાય.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઈડીના અધિકારીઓ માટે મની લોન્ડરિંગ મામલામાં કોઈ આરોપીને અટકાયતમાં લેવાનો સમય ધરપકડના આધારનો ખુલાસો કરવો જરૂરી નથી.

કોર્ટે તમામ ટ્રાન્સફર અરજીઓને પછી સંબંધિત હાઈકોર્ટને મોકલી આપી. જે લોકોને વચગાળાની રાહત છે તે ચાર અઠવાડિયા સુધી રહેશે. જ્યાં સુધી ખાનગી પક્ષકાર કોર્ટ પાસેથી રાહત પાછી ખેંચવાની માંગણી ન કરે ત્યાં સુધી.

ચુકાદામાં સુપ્રીમે કહ્યું કે ૧. ધરપકડ કરવાની, જપ્ત કરવાની, મિલકતમે ટાંચમાં લેવાની, દરોડા પાડવાની અને નિવેદન લેવાની ઈડીની સત્તા જાળવી રાખવામાં આવી છે. ૨. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ફરિયાદ ઈસીઆઈઆરને એફઆઈઆરની સાથે સરખાવી શકાય નહીં. આ ઈડીનો આંતરિક દસ્તાવેજ છે. ૩. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આરોપીને ઈસીઆઈઆર રિપોર્ટ આપવો જરૂરી નથી. ધરપકડ દરમિયાન માત્ર કારણ બતાવવું પૂરતું છે.

હાલમાં સમગ્ર દેશમાં તપાસ માટે ઈડી પાસે ૩૦૦૦ કેસ નોંધાયેલા છે. કેન્દ્રએ લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે પીએમએલએ ૧૭ વર્ષ પહેલા અમલમાં આવ્યું હતું.

ત્યારથી અત્યાર સુધીમાં તેના હેઠળ ૫,૪૨૨ કેસ નોંધાયા છે. માત્ર ૨૩ લોકો જ દોષિત જાહેર થયા છે.

ઈડીએ અત્યાર સુધીમાં એક લાખ કરોડથી વધુની સંપત્તિ જપ્ત કરી છે અને ૯૯૨ કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે.

## શિક્ષણમાં ધર્મ:કર્ણાટકમાં મુસ્લિમ સંઘ ૧૩ કોલેજ ખોલશે, જ્યાં હિજાબ બૅન નહીં હોય

બેંગલુરુ,તા.૨૭

કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણી પહેલાં જ હિજાબ વિવાદ ફરી વકરે તેવી સ્થિતિ સર્જાઇ છે. રાજ્યના દક્ષિણના જિલ્લાઓનાં મુસ્લિમ સંગઠનોએ રાજ્યમાં નવી ૧૩ ખાનગી કોલેજ ખોલવા અરજી કરી છે. આ કોલેજોમાં હિજાબ પર પ્રતિબંધ નહીં હોય. ખાનગી કોલેજ ખોલવા લઘુમતી સંગઠનો તરફથી એકસાથે આટલી અરજીઓ અગાઉ ક્યારેય નથી આવી.

છેલ્લાં ૫ વર્ષમાં એક પણ અરજી નહોતી કરાઇ. તેથી જાણકારોનું માનવું છે કે નવી કોલેજો ખૂલવાથી હિજાબ વિવાદ વકરશે, કેમ કે રાજ્યની તમામ સરકારી શિક્ષણ સંસ્થાઓમાં હિજાબ પર પ્રતિબંધ છે. તેના કારણે લઘુમતી સમાજની સંખ્યાબંધ વિદ્યાર્થિનીઓએ પરીક્ષા પણ નથી આપી. તેને ધ્યાનમાં રાખીને જ મુસ્લિમ સંગઠનો પોતાની કોલેજ ખોલવા માગે છે.કર્ણાટકમાં અગાઉની કોંગ્રેસી સરકારે સરકારી શિક્ષણ સંસ્થાઓ માટે ડ્રેસકોડ ફરજિયાત કરી દીધો હતો. ખાનગી સ્કૂલોને પોતાનો ડ્રેસકોડ નક્કી કરવાની છૂટ છે. સરકારી શાળા-કોલેજોમાં ધાર્મિક ચિહનો પર પ્રતિબંધ હોવાથી ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં હિજાબને મંજૂરી આપવી કે નહીં એ જે-તે સંસ્થા પર નિર્ભર કરે છે. તેથી મુસ્લિમ સંગઠનોએ પોતાની કોલેજો ખોલવાનું નક્કી કર્યું છે.

શિક્ષણ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે નવી ખાનગી કોલેજ ખોલવા માટેની અરજીઓની ચકાસણી કરાઇ રહી છે. એક અરજી મંજૂર થઇ ગઇ છે. અરજદાર કોલેજ ખોલવા માટેના તમામ માપદંડ પૂરા કરે તો તેમને મંજૂરી આપી શકાય છે.

કર્ણાટકમાં હિજાબ મુદે શરૂ થયેલો વિવાદ હિંસક બન્યા બાદ શમવા લાગ્યો હતો. શાળા-કોલેજોમાં હિજાબ પહેરવાની મંજૂરીની દાદ માગતી અરજી હાઈકોર્ટે ફગાવી, પછી સુપ્રીમકોર્ટે સુનાવણીનો ઈનકાર કર્યો. તેમ છતાં હિજાબના સમર્થનમાં આંદોલન કરતાં સંગઠનોએ સંઘર્ષ તેજ કર્યો છે. વિદ્યાર્થિનીઓનું સ્કૂલે ન જવું અને હિજાબ વિના પરીક્ષા આપવાનો ઈનકાર કરવો પણ આંદોલનનો જ ભાગ છે. આંદોલનનું નેતૃત્વ કરતા કેમ્પસ ફ્રન્ટ ઑફ ઈન્ડિયા (સીએફઆઇ)એ તાજેતરમાં એક રેલી કરી હતી. સીએફઆઇના પ્રદેશ અધ્યક્ષ અથૌલા પંજાલકટ્ટેએ કહ્યું કે હિજાબ વિરુદ્ધનો હાઇકોર્ટનો આદેશ ગેરબંધારણીય છે અને સુપ્રીમકોર્ટ સુનાવણી નથી કરી રહી. તેથી અમારી પાસે હવે આંદોલનનો એકમાત્ર રસ્તો બચ્યો છે.

## પંજાબ સરકારનો મોટો નિર્ણય બૉર્ડર પર શહીદ થયેલા જવાનોના પરિવારને ૧ કરોડ રૂપિયાની સહાય કરવામાં આવશે

ચંદીગઢ,તા.૨૭



પંજાબ સરકારે સરહદ પર શહીદ થયેલા જવાનોના પરિવારજનો માટે મોટો નિર્ણય લીધો છે. પંજાબ સરકારે નિર્ણય કર્યો છે કે સરહદ પર શહીદ થયેલા જવાનના પરિવારને ૧ કરોડ રૂપિયા આપવામાં આવશે. પંજાબના સીએમ ભગવંત માને ચંદીગઢમાં આ જાણકારી આપી છે. તેમણે કહ્યુ કે આ રકમ સૈનિકોના બલિદાન સમાન નથી પરંતુ અમે પરિવારને ૧ કરોડની રકમ આપીશુ જેથી પરિવારને કોઈ આર્થિક સંકટ ન આવે.

જયારથી ભગવંત માન પંજાબના સીએમ બન્યા છે ત્યારથી તેઓ પોતાના નિર્ણયોને કારણે ચર્ચામાં રહે છે. ૩૦૦ યુનિટ વીજળી ફ્રી કરવાનો નિર્ણય હોય કે શહીદના પરિવારને ૧ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય હોય તે લોકોમાં સ્થાન બનાવવા માટે પૂરેપૂરો પ્રયાસ કરી રહ્યા છે.

પંજાબની ભગવંત માન સરકારે તેના પ્રથમ બજેટમાં ૩૦૦ યુનિટ મફત વીજળીનુ વચન પૂરુ કર્યુ હતુ. ૧ જુલાઈથી રાજ્યમાં ૩૦૦ યુનિટ સુધીની વીજળી મફત આપવામાં આવી રહી છે. નાણામંત્રી હરપાલ સિંહ ચીમાએ રાજ્યનુ બજેટ રજૂ કરતી વખતે આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે પંજાબના દરેક ઘરને હવે ૧ જુલાઈથી દર મહિને ૩૦૦ યુનિટ મફત વીજળી મળશે. સરકાર આ યોજનાના ખર્ચ માટે નાણાકીય વ્યવસ્થા કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

આ બજેટમાં શિક્ષણ પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

પંજાબમાં શાળા અને ઉચ્ચ શિક્ષણ માટેના બજેટમાં ૧૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ટેકનિકલ શિક્ષણના બજેટમાં ૪૭ ટકા અને તબીબી શિક્ષણના બજેટમાં ૫૭ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. પંજાબમાં શાળાઓની જાળવણી માટે એસ્ટેટ મેનેજરોની નિમણૂક કરવામાં આવશે તેવી પણ જાહેરાત કરવામાં આવી હતી.

પંજાબની સરકારી શાળાઓમાં એસ્ટેટ મેનેજરની નિમણૂક કરવામાં આવશે જેથી આચાર્ય માત્ર શિક્ષણ સંબંધિત કામ પર ધ્યાન આપી શકે. કુલ બજેટ ખર્ચ રૂ. ૧,૫૫,૮૭૦ કરોડ હરપાલ ચીમાએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ રૂ. ૧,૫૫,૮૭૦ કરોડના બજેટની દરખાસ્ત કરી હતી. આ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની સરખામણીમાં ૨૩%ની વૃદ્ધિ દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે GSDP પર અસરકારક બાકી લોન ૪૫.૩૩% છે.

## ઈડીએ સોનિયા ગાંધીને ૧૨ કલાકમાં પૂછ્યા ૧૦૦ પ્રશ્નો, કોંગ્રેસના કાર્યકરોએ દેશભરમાં 'સત્યાગ્રહ' કર્યો

### તેમની ત્રણ દિવસમાં ૧૨ કલાક પૂછવા કરવામાં આવી,ફરીથી બોલાવવામાં આવ્યા નથી

નવીદિલ્હી,તા.૨૭

નેશનલ હેરાલ્ડ કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સતત બીજા દિવસે કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીની પૂછપરછ હવે પૂરી થઈ ગઈ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બુધવારે પણ મની લોન્ડરિંગના આરોપમાં સોનિયા ગાંધીની લગભગ ૪ કલાક સુધી પૂછપરછ કરી હતી. તેમને ત્રણ દિવસમાં ૧૨ કલાકમાં ૧૦૦ થી વધુ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. તેમને ફરીથી બોલાવવામાં આવ્યા નથી.

મની લોન્ડરિંગ કેસમાં મંગળવારે સોનિયા ગાંધીની છ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓએ કહ્યું કે તેણી પ્રશ્નોના જવાબ આપવા માટે ×ઉતાવળમાં× હતી. આ પહેલા સોનિયા ગાંધીના પુત્ર અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને પાંચ દિવસ સુધી પૂછપરછ કરવામાં આવી હતી અને લગભગ ૧૫૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.



અધિકારીઓએ જણાવ્યું કે સોનિયા ગાંધીને નેશનલ હેરાલ્ડ અખબાર અને યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડ સાથે તેમની સંડોવણી અંગે કથિત રીતે પૂછપરછ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તેમના નિવેદનને રાહુલ ગાંધીના નિવેદન સાથે મેચ કરશે કારણ કે બંને યંગ ઈન્ડિયનમાં બહુમતી હિસ્સેદારો છે.

ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુ દ્વારા સ્થાપિત નેશનલ હેરાલ્ડ અખબાર ચલાવતી કંપની એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (એજેએલ)ના યંગ ઈન્ડિયનના સંપાદન સાથે સંકળાયેલા 'નેશનલ હેરાલ્ડ કેસ'માં ગાંધી પરિવારની તપાસ કરવામાં આવી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનું કહેવું છે કે યંગ ઈન્ડિયને એજેએલની સંપત્તિમાં ૮૦૦ કરોડથી વધુ રકમ લીધી હતી. આવકવેરા વિભાગના જણાવ્યા અનુસાર, તેને યંગ ઈન્ડિયનના શેરધારકો સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની મિલકત તરીકે ગણવામાં આવે, જેના માટે તેમણે ટેક્સ ચૂકવવો જોઈએ.

કોઈપણ ગેરરીતિનો ઈનકાર કરતી વખતે, કોંગ્રેસ દાવો કરે છે કે યંગ ઈન્ડિયન એ 'નોન-પ્રોફિટ' કંપની છે અને તેથી મની લોન્ડરિંગનો કોઈ પ્રશ્ન નથી. ત્રણેય દિવસની પૂછપરછ દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ તેમની પુત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે તપાસ એજન્સીની ઓફિસમાં ગયા હતા. મેડિકલ સ્ટાફને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવ્યો હતો.

દિલ્હીમાં ગાંધી પરિવારની પૂછપરછના દરરોજ, કોંગ્રેસે ભારે સુરક્ષા હોવા છતાં રસ્તા પર ભારે વિરોધ પ્રદર્શન કર્યા અને પોલીસ સાથે ઘર્ષણ કર્યું. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની આજે પોલીસ સાથે ઘર્ષણ પણ થયું હતું. રાહુલ ગાંધીની મંગળવારે દિલ્હીના મધ્યમાં સંસદથી વિજય ચોક સુધીની કૂચ દરમિયાન અટકાયત કરવામાં આવી હતી. આજે પણ કોંગ્રેસે દેશભરમાં કેન્દ્ર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડી દ્વારા સોનિયા ગાંધીની પૂછપરછના વિરોધમાં કોંગ્રેસના કાર્યકરોએ મુંબઈના બોરીવલી રેલ્વે સ્ટેશન પર ટ્રેન રોકવાનો પ્રયાસ કર્યો. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર કેટલાક લોકો ટ્રેન રોકવા આવ્યા હતા પરંતુ તેઓ સફળ થયા ન હતા, તેમની અટકાયત કરવામાં આવી છે. મહારાષ્ટ્ર યુથ કોંગ્રેસના પ્રમુખ કુણાલ રાઉતની અધ્યક્ષતામાં યુથ કોંગ્રેસના કાર્યકરોએ મંગળવારે જીપીઓ ચોક ખાતે કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને કારને આગ ચાંપી હતી. ત્યારે આ જ મુદ્દે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ શહેરના સંવિધાન ચોક ખાતે સત્યાગ્રહના નામ પર ધરણા કર્યા હતા.કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી વિલાસ મુત્તેમવારે કહ્યું કે ઈડી ખોટું અને અલોકતાંત્રિક કામ કરી રહી છે. તપાસ એજન્સીઓનો ઉપયોગ કરીને દેશમાંથી વિરોધને ખતમ કરવાનું આ ષડયંત્ર છે. કોંગ્રેસના નાગપુર એકમના પ્રમુખ વિકાસ ઠાકરે અને પાર્ટીના મહારાષ્ટ્ર એકમના સોશિયલ મીડિયા વિભાગના વડા વિશાલ મુત્તેમવારે કહ્યું કે સરકાર જે રીતે વિપક્ષને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે.

## મહારાષ્ટ્રમાં કેબિનેટને લઈ સ્થિતિ સ્પષ્ટ થઈ રહી નથી : મુખ્યમંત્રી એકનાથ શિંદે ગુંચવાયા

મુંબઈ,તા.૨૭

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની સરકારને તોડી પાડી સત્તા પર આવેલ એકનાથ શિંદે ભાજપના સાથે સરકાર બનાવ્યાને એક મહીનો થવા આવ્યો છે પરંતુ હજુ સુધી મંત્રીમંડળના વિસ્તારને લઈને કોઇ નિર્ણય લેવામાં આવ્યો નથી મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ જ મળી સરકાર ચલાવી રહ્યાં છે પરંતુ કેબિનેટને લઇ સ્થિતિ સ્પષ્ટ થઇ રહી નથી જેને લઇને શિંદે ગુંચવાઇ ગયા છે ત્યારે તમામના મનમાં એક જ સવાલ ઉઠી રહ્યો છે કે કંઇ ફોર્મ્યુલા પર કેબિનેટની રચના થશે અને કોણ કેટલું મોટું હશે ભાજપ અને શિંદે જુથથી કેટલા કેટલા નેતા મંત્રી બનશે

એ યાદ રહે કે મહારાષ્ટ્ર વિધાનસભામાં કુલ સભ્યોની સંખ્યા ૨૮૮ છે આવામાં બંધારણીય રીતે ૧૫ ટકા જ મંત્રી બની શકશે તેનો અર્થ એ છે કે મહારાષ્ટ્રમાં વધુમાં વધુ ૪૨ લોકો જ મંત્રી બની શકે છે.તેમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સામેલ છે.આ કારણે મહારાષ્ટ્ર કેબિનેટમાં ૪૦ મંત્રીઓ માટે જગ્યા છે પરંતુ હવે સરકાર એ ઉઠે છે કે શિંદે સરકાર પોતાની કેબિનેટમાં કેટલા લોકોને સામેલ કરે છે.૩૦ જુને એકનાથ શિંદેએ મુખ્યમંત્રી અને દેવેન્દ્ર ફડણવીસે નાયબ મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતાં આ રીતે સરકારની રચનાને લગભગ ૨૬ દિવસ થઇ ગયા છે પરંતુ કેબિનેટનો વિસ્તાર થઇ શકયો નથી રાષ્ટ્રપતિ ચુંટણી બાદ મહારાષ્ટ્રમાં કેબિનેટ રચનાની વાત કહેવામાં આવી રહી હતી પરંતુ રાષ્ટ્રપતિની ચુંટણી બાદ રાષ્ટ્રપતિની સોગંદવિધિનો કાર્યક્રમ પણ પુરો થઇ ચુકયો છે આવામાં હવે તમામને નજર તેના પર ટકેલી છે કે કેબિનેટની રચના કયારે અને કેવી રીતે થશે કેવી રીતે શિંદે ફડનવીસ પરસ્પરમાં મંત્રાલયોની ફાળવણી કરશે

હકીકતમાં એક બાજુ શિવસેનાના બળવાખોર જુથમાં મુખ્યમંત્રી એકનાથ શિંદેને છોડી આઠ પૂર્વ મંત્રી છે.ઉદ્ધવની વિરૂધ્ધ શિંદેની સાથે બળવો કરનારા નવ મંત્રી હતા જેમાં પાંચ કેબિનેટ અને ચાર રાજયમંત્રી સામેલ હતાં આવામાં શિંદે મુખ્યમંત્રી બન્યા બાદ આઠ નેતા હજુ પણ મંત્રી બનવાની રાહ જોઇ રહ્યાં છે.આ ઉપરાંત શિવસેનાના બીજા બળવાખોર નેતાઓને પણ મંત્રી બનાવવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું તેઓ પણ મંત્રી બનવાની રાહ જોઇ રહ્યાં છે.

જો કે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી મહાવિકાસ અઘાડી સરકારમાં શિવસેના કવોટાથી ૧૦ કેબિનેટ અને ચાર રાજયમંત્રી હતાં શિંદેની સાથે હાલ શિવસેનાના ૪૦ ધારાસભ્ય છે.મહારાષ્ટ્રમાં મંત્રીમંડળની રચનાને લઇ હલચલ તેજ થઇ ગઇ છે.આવામાં ચર્ચા છે કે બળવાખોર સહિત શિંદે કેબિનેટમાં અપક્ષ અને સરકારને સમર્થન કરનારી નાની નાની પાર્ટીઓના ધારાસભ્યોને મંત્રી બનાવી શકાય છે.

## તંત્રી સ્થાનેથી...

# મમતાની મુશ્કેલી

બંગાળના શિક્ષક ભરતી કૌભાંડમાં પ્રવર્તન નિર્દેશાલય એટલે કે ઈડી દ્વારા મમતા સરકારના મંત્રી પાર્થ ચેટર્જીની ધરપકડ અને તેમની નજીકની ગણાતી અર્પિતા મુખર્જીના ઘરમાંથી લગભગ ૨૧ કરોડ રૂપિયાની જપ્તી ચોંકાવનારી છે. ગણીગાંઠી ફિલ્મોમાં કામ કરનારી અર્પિતા પાર્થ ચેટર્જીની દુર્ગા પૂજા સિમિતિનો મુખ્ય ચહેરો રહી છે. ઈડીનું માનીએ તો તેમના ઘરમાંથી મળેલા પૈસા શિક્ષક ભરતી કૌભાંડના સમયે કરવામાં આવેલી ગરબડના પૈસા હોઈ શકે. સાચું શું છે એ તો સમય આવ્યે બહાર આવશે, પરંતુ તેમાં શંકા નહીં કે શિક્ષકોની ભરતીમાં કૌભાંડ તો થયું જ હતું. તેની પુષ્ટિ ત્યારે જ થઈ ગઈ હતી જ્યારે પસંદગી પામેલા શિક્ષકોની યાદી અંતિમ સમયે બદલી નાખવાની ચકિત કરનારી ઘટના બની હતી. કલકત્તા હાઈકોર્ટના આદેશ પર આ કૌભાંડની પ્રારંભિક તપાસે એ સાબિત કરી દીધું હતું કે શિક્ષકોની ભરતીમાં ગરબડો થઈ છે. તપાસમાં એ પણ જોવા મળ્યું હતું કે પશ્ચિમ બંગાળ સ્કૂલ સેવા આયોગ દ્વારા રાજ્યની સ્કૂલોમાં વર્ગ 'સી' અને 'ડી'ના કર્મચારીઓની ભરતીમાં મનમાની કરવામાં આવી. ત્યારબાદ હાઈકોર્ટે કેસની તપાસ સીબીઆઈને સોંપી. પછી ઈડી પણ આ તપાસમાં સામેલ થઈ ગઈ.

શિક્ષકો અને કર્મચારીઓની ભરતીમાં કૌભાંડ મમતા સરકારના પાછલા કાર્યકાળમાં થયું હતું. ત્યારે પાર્થ ચેટર્જી શિક્ષણ મંત્રી હતા. હાલમાં તેઓ ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી છે. ક્યાંક તેઓ ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી રૂપે પણ ગેરકાયદે કમાણી તો નહોતા કરી રહ્યા? આ શંકા એટલા માટે, કારણ કે પાંચ-છ વર્ષ જૂના કૌભાંડો દ્વારા જમા કરવામાં આવેલ પૈસા અત્યાર સુધી તેમના સંબંધીને ઘરે પડી રહેવા આસાનીથી ગળે નથી ઉતરતું. ગમે તે હોય, ઈડીએ જે રીતે હાલના શિક્ષણ મંત્રી પરેશ અધિકારીના ઠેકાણાં પર પણ છાપામારી કરી, તેનાથી મમતા સરકારની મુશ્કેલીઓ વધશે એ નક્કી છે.

તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ દ્વારા એમ કહી દેવાથી કામ ચાલવાનું નથી કે કેન્દ્ર સરકાર પોતાની એજન્સીઓનો મનમાફક ઉપયોગ કરી રહી છે, કારણ કે તેઓ શિક્ષકો અને કર્મચારીઓની ભરતીમાં કૌભાંડનો ઈનકાર નથી કરી શકવાના. તેમની પાસે એ સવાલનો જવાબ પણ નથી કે પાર્થની સંબંધી અર્પિતાને ૨૧ કરોડ રૂપિયા રોકડા ક્યાંથી મળ્યા? જોકે પાર્થ ચેટર્જી મમતાના ભરોસેમંદ મંત્રીઓમાંથી એક છે, તેથી તપાસની આંચ તેમના સુધી પહોંચે તો પણ નવાઈ નહીં. મમતા બેનર્જી માટે ચિંતાની વાત એ પણ છે કે તેમની સરકારના કેટલાય બીજા કૌભાંડોની તપાસ પણ સીબીઆઈ કરી રહી છે. તેમાંથી એકમાં તો તેમનો ભત્રીજો પણ તપાસ એજન્સીઓના નિશાના પર છે. એક તથ્ય એ પણ છે કે સીબીઆઈ જે પણ કૌભાંડની તપાસ કરી રહી છે, તેની તપાસના આદેશ ખુદ હાઈકોર્ટે જ આપ્યા છે, એટલે કેન્દ્રીય એજન્સીના દુરુપયોગનો અહીં સવાલ જ ઊભો થતો નથી.

# માનવ જીવનનો ઉદેશ્ય-૩

અમારા ધર્મગ્રંથો તથા ધર્માચાર્યો ઉપદેશ આપે છે કે આ માનવજીવન દુર્લભ છે એટલે તેનો સદઉપયોગ ઘણી જ સજાગતાથી કરવો જોઈએ.માનવશરીરને અતિદુર્લભ એટલા માટે કહેવામાં આવ્યું છે કારણ કે આ માનવશરીર અમોને અનાયાસે જ મળ્યું નથી પરંતુ અમારા અનંત પૂર્વજન્મોના પુણ્યકર્મો, સંસ્કારો તથા પરમાત્માની અહૈતુકી કૃપાના ફળસ્વરૂપ પ્રાપ્ત થયું છે.

મનુષ્ય શરીર ઘણા જ સૌભાગ્યથી મળ્યું છે,જે દેવતાઓને પણ દુર્લભ છે.દેવયોનિ ભોગયોનિ છે અને પુણ્યકર્મોના ભોગ પુરા થયા પછી અન્યે યોનિઓમાં જવું પડે છે.દેવયોનિમાં કોઈ નવાં શુભકર્મો થઈ શકતાં નથી.આ કારણે જ દેવતાઓ પણ માનવ શરીર ઈચ્છે છે.ફકત મનુષ્ય યોનિ જ એક એવી યોનિ છે જેમાં જીવાત્મા પૂર્વજન્મના ભોગની સાથે સાથે નવા શુભ કર્મો કરીને પરમપદ(મોક્ષ)નો અધિકારી બની શકે છે.

જન્મો પહેલાં મનુષ્ય જયારે માતાના ગર્ભમાં હોય છે ત્યારે તે મળ-મૂત્ર તથા વિષ્ઠામાં ઉંધો લટકેલો રહે છે ત્યાં કષ્ટ્રપ્રદ નારકીય જીવન વ્યતિત કરે છે એટલે તે સમયે તે પરમાત્માને આર્તભાવે પ્રાર્થના કરે છે કે હે પ્રભુ ! મને આ યાતનામાંથી મુક્તિ અપાવો.હું બહાર આવ્યા પછી સેવા સુમિરણ સત્સંગ તથા આપની ભક્તિ કરીશ પરંતુ ઘણા જ દુર્ભાગ્યની વાત છે કે સંસારમાં આવ્યા બાદ તે પોતાનું આપેલું વચન ભુલી જાય છે અને માયાના પ્રભાવમાં આવીને ફરીથી પૂર્વજન્મોની જેમ જ સંસારમાં આસક્ત થઈ જાય છે.

જગતગુરૂ શંકરાચાર્યજી કહે છે કે જયાં સુધી બાળક હતો ત્યાં સુધી રમવા કૂદવામાં ડૂબેલો રહ્યો, જયારે યુવાન થયો તો સાંસારીક ધંધા અને વિષયોમાં ફસાયેલો રહ્યો અને જયારે વૃધ્ધ થઈ ગયો તો ચિંતાઓમાં ડૂબી ગયો. ઈશ્વરનું ધ્યાન સેવા સુમિરણ સત્સંગ ભક્તિ તો કયારેય કરી જ નહી. આજે કરીશ, કાલે કરીશ તેમાંને તેમાં તે મૃત્યુનો કોળિયો બની ગયો.

મનુષ્ય જીવન દ્વિમાર્ગી છે.જેમાં બે વિપરીત માર્ગ નીકળે છે.એકને પ્રેયમાર્ગ અને બીજાને શ્રેયમાર્ગ કહેવામાં આવે છે.પ્રેયમાર્ગ સંસારની તરફ જાય છે જયારે શ્રેયમાર્ગ અમોને ઈશ્વરની તરફ લઈ જાય છે. પ્રેયમાર્ગ અમારા શરીરની આવશ્યકતાના માટે છે,આકર્ષક છે,રમણીય છે.આ માર્ગનો મુસાફર બની ગયા પછી મનુષ્ય પ્રાકૃતિક ભોગો અને ભૌતિક સમૃધ્ધિઓની જાળમાં ફસાઈ જાય છે કારણ કે વિતૈષણા,પૂત્રૈષણા અને લોકૈષણાના સંસ્કાર તેને જન્મથી મળવાના શરૂ થઈ જાય છે.જન્મ લીધા પછી મનુષ્ય માતા-પિતા તથા ભાઈ બાંધવોના સંપર્કમાં આવે છે પછી ધંધા રોજગારમાં જોડાય છે,પોતાનો પરીવાર બનાવે છે, પોતાના શરીર ધન લાયકાતથી તેને યશ કમાવવાનો લોભ થાય છે.ભૌતિકતાના આ રંગ-રાગ અને ચકાચૌધમાં તે ભૂલી જાય છે કે જીવનનું વાસ્તવિક લક્ષ્ય શું છે? હું કોન છું? ક્યાંથી આવ્યો છું? કેમ આવ્યો છુ? મારે ક્યાં જવું છે? મારે શું કરવું જોઈએ? અને હું શું કરી રહ્યો છું? આ તમામ વાતો તેને વૃધ્ધાવસ્થામાં યાદ આવે છે પરંતુ ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયું હોય છે.વૃધ્ધાવસ્થામાં શરીર શિથિલ બની જાય છે, પાપ કર્મોનો ભારો માથા ઉપર હોવાથી તે ચિંતાગ્રસ્ત રહે છે.પશ્યાતાપ કરવા સિવાઈ તેના વશમાં કશું હોતું નથી.ખાવો પીવો અને મૌજ માણોની વૃત્તિથી જીવન પસાર કરેલ જીવાત્મા જયારે સંસારમાંથી વિદાઈ લે છે ત્યારે તેની સ્થિતિ હારેલા જુગારી અથવા હારેલા યોધ્ધા જેવી હોય છે.

મનુષ્ય બાલ્યાવસ્થામાં એવું વિચારે છે કે હજું તો મારી ઉંમર જ કેટલી છે ! ઈશ્વરના ભજન, સેવા સુમિરણ સત્સંગ માટે તો આખી જીંદગી પડી છે.જયારે ગૃહસ્થાશ્રમની જવાબદારીઓથી મુક્ત થઈશું ત્યારે સેવા સુમિરણ સત્સંગ પ્રભુ ભજન કરીશું પરંતુ કબીર સાહેબ કહે છે કેઃ કાલ કોને જોઈ છે, જે કરવું હોય તે આજે જ કરી લો. "કાલ કરૈ સો આજ કર આજ કરૈ સો અબ,પલમેં પ્રલય હોયગી બહુરી કરૈગા કબ.."

આપણે અનેકવાર મર્યા છીએ,મર્યા પછી પાછા પૈદા થયા છીએ,જન્મ લઈને મર્યા છીએ,લાખો સહસ્ત્રો શરીરો જોયા છે, હજારો લાખો યોનિયોમાં ગયા છીએ, કેટલાય પ્રકારનાં ભોજનો ગ્રહણ કર્યા છે, કેટલાય પ્રકારની માતાઓ જોઈ છે અને તેમના સ્તાનોનું દુગ્ધપાન કર્યુ છે, કેટલાય પિતા અને ભાઈ બંધુઓ જોયા છે, કેટલીયવાર માતાના ગર્ભમાં ઉલ્ટા લટક્યા છીએ, કેટલાય સંકટોને સહન કર્યા છે. આ તમામ સંકટો અને આપત્તિઓનું સમાધાન પરમાત્માના મિલન વિના થતું નથી.

સંત મહાપુરૂષો સમજાવે છે કેઃ માનવજીવનમાં ત્રણ ઉપલબ્ધિઓ અત્યંત દુર્લભ છે.પ્રથમ મનુષ્ય જન્મ, બીજું કોઈ સાચા સંતનું સાનિધ્ય અને ત્રીજું ભગવદ ભજનમાં રૂચિ.પૂત્ર પત્ની અને ધન સંપત્તિ.. વગેરે સાંસારીક નશ્વર પદાર્થો તો તમામને સુલભ હોય છે પરંતુ સંત મિલન અને હરિની કૃપા મળવી દુર્લભ છે.સંસારના વિષયોમાં આસક્તિ જેટલી વધુ હોય છે તેટલી જ પરમેશ્વરના ભજનમાં અનુરક્તિ કઠિન છે.

ધર્મશાસ્ત્રોમાં માનવમાત્રને ઉપદેશ આપતાં લખ્યું છે કેઃ હે માનવ ! જે આવતી કાલ સુધી રહે કે ના પણ રહે એવા ક્ષણભંગુર સંસારમાં તમારો નિવાસ છે.વૃક્ષના પાનની સમાન ચંચલ સંસારમાં તમે સ્થિત છો તેમછતાં તમે ઈન્દ્રિયોની સેવામાં રત છો. આવો..હવે તો પૂર્ણ પુરૂષ પરમાત્માની આરાધના કરી લો. હે મોહ મદિરામાં ઉન્મત્ત જીવ ! ચેતી જા ! કાલે શું થવાનું છે તેની ખબર નથી.સંતજનો કહે છે કેઃમનુષ્ય જીવનનું પરમ લક્ષ્ય છેઃભગવત્પ્રાપ્તિ. આનો સીધો અર્થ છે કેઃ મનુષ્યને આ જીવન પ્રભુના ભજન સુમિરણના માટે જ મળ્યું છે પરંતુ અફસોસ એ છે કેઃ તે ગફલતભરી નિંદમાં સૂઈ રહ્યો છે અને કામ ક્રોધ લોભ મોહ મત્સર આળસ અને પ્રમાદ..જેવા અનેક ચોર દિવસ રાત તેના અનમોલ શ્વાસની પૂંજીને લૂંટી રહ્યો છે, માનવ તેનાથી અન્જાન છે.માનવ દેહ ભોગોના માટે નહી પરંતુ યોગના એટલે કે પ્રભુ પરમાત્માની સાથે જોડાવવા માટે મળ્યો છે.સૃષ્ટ્રિના પ્રારંભથી લઈને અત્યાર સુધી ભોગો તો ઘણા ભોગવ્યા છે.મનુષ્યને ઈન્દ્રપદ મળી જાય તેમ છતાં તેને તૃપ્તિ થતી નથી. ઈતિહાસ સાક્ષી છે કે રાજા યયાતિ એક હજાર વર્ષ સુધી વિષયભોગ ભોગવવા છતાં અતૃપ્ત જ રહ્યા હતા.

રાજા ભતૃહરીએ વૈરાગ્યુ શતકમાં લખ્યું છે કેઃજેની તમામ કામનાઓ પૂર્ણ થઈ ગઈ છે, તમામ ભાઈ બાંધવો તથા મિત્રગણ આ સંસાર છોડીને જઈ ચુક્યા છે, ફક્ત તેનો પ્રાણ જ બચ્યા છે, જે અસહાય અને નિર્બળ બની ચુક્યા છે તે વ્યક્તિ પણ મૃત્યુનું નામ સાંભળીને ભયભીત થઈ જાય છે તે પણ મરવા ઈચ્છતો નથી.

આ સંસારમાં સૌથી મોટું આશ્ચર્ય શું છે? દરરોજ મનુષ્યો મૃત્યુ લોકમાંથી જઈ રહ્યા છે પરંતુ જે બચ્યા છે તે ઈચ્છે છે કે તે સદાય જીવિત રહેવાના છે એ મનુષ્યો ધન્ય છે કે જેમને મનુષ્ય જીવનના પ્રારંભિક સમયમાં જ વિવેકી તથા વૈરાગ્યવાન સંત મહાપુરૂષો, સાચા સદગુરૂનું સાનિધ્ય પ્રાપ્ત થયું છે પરંતુ જો જીવનના પ્રારંભિક સમય (યુવાની)માં આવો સુઅવસર કે સૌભાગ્ય પ્રાપ્ત ના થાય અને જીવનના અંતિમ પડાવ વૃધ્ધાવસ્થામાં પણ જો પ્રાપ્ત થાય તો આવા અવસરને ગુમાવવો જોઈએ નહી કારણ કે આવો અવસર કદાચ ફરીથી ના પણ મળે.

હવે તો ચેતો મારા ભાઈ..ઉઠો જાગો અને સાચા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂની શરણાગતિ સ્વીકારી પરબ્રહ્મ પરમાત્માની જાણકારી કરી લો અને આવાગમનના ચક્કરમાંથી કાયમના માટે મુકત થાવો. આ શ્વાસ જ કદાચ અમારા જીવનનો અંતિમ શ્વાસ હોય એટલે તેના પહેલાં કે અમો કાળનો કોળિયો બની જઈએ અમારે સાવધાન બની જવાની જરૂર છે.સંસારના ભય અને દુઃખરૂપી સમુદ્રમાંથી પાર ઉતરવા માટે પ્રભુ પરમાત્માનું ચિંતન જ એકમાત્ર ઉપાય છે એટલે જ્ઞાની મહાપુરૂષ પોતાના મનને નિરંતર સચેત રાખે છે.

વિનોદભાઈ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા, જી.પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# રાજુ રદી મેઘ ધનુષી ગેલેક માટી ખાવા હોર્મુઝ આઈલેન્ડ જવા માંગે છે!!!!

માણસ માટીનો લોંદો છે.શરીરમાં આત્મા હોય ત્યાં લગી બોલબોલા છે.જેવો આત્મા શરીરમાંથી વિદાય થાય એટલે શરીર માટીનો લોંદો બની જાય. આત્મા શરીરમાં કયાંથી પ્રવેશે છે, શરીરમાં શું કામ રહે છે અને શા માટે રહે છે? શા માટે શરીર છોડે છે? શરીર છોડ્યા પછી પાછું કયા શરીરમાં જાય છે? આત્માની કેડર કંટ્રોલિંગ આથોરિટી કોણ છે , એ ધૂમ્રવલયો જેવા સવાલો છે!!

માટીનો અર્થ બહાદુર પણ થાય છે. માટીનું મૂલ કે માટીનું ઋણ ચૂકવવું એ નાગરિક માટે ગૌરવની વાત છે. માટીનો અર્થ પતિ પણ થાય છે. કેટલાક લોકોને વાગે કે ઘા પડે તો તેની જલ્દી રુજ આવતી નથી. આવા લોકોની માટી પાકણી માટી હોવાનું કહેવાય છે!! લોકો વતનથી દૂર જાય ત્યારે ધરતીને પગે લાગીને વતનની માટીને માથે લગાવે છે.!!કુંભાર ધૂળ-ઢેફા લાવી તેમાં પાણી નાંખી, માટીને કેળવી, માટીના લુવા ચાકડે ચડાવી માટલી, કોડિયું, ઘડો, ભંભલી , તાવડી વગેરે વાસણો બનાવે છે. આ જ રીતે ઈશ્વર નામનો કુંભાર સંસારરૂપી ચાકડો ચલાવી વિવિધ રિંગ, રૂપ, સાઈઝના સ્ત્રી પુરુષોનું થાક્યા વિના નિર્માણ કરે છે!!

ભગવાન કૃષ્ણની બાળલીલા ન્યારી હતી. એકવાર રમત રમતા રમતા માટી ઓરોગો ગયા! જસોદા મૈયાને શંકા ગઈ કે લાલાએ માટી ખાધી છે. જસોદામાએ પ્રેમથી પૃચ્છા કરી. કાનજી નામક્કર ગયા. છેવટે જસોદા માએ કાનુડાનો કાન ખેમચી તમાચો મારવા હાથ ઉગામીને મોં ખોલવા કહ્યું. કાનજીએ મોં ખોલ્યું. કાનજીનું ખુલ્લેલું મોં જોઈ માતાજી ચકરાવે ચઢી ગયા. કાનાના મોંમાં માટીને બદલે બ્રહ્માંડ હતું.ભગવાન કૃષ્ણે સંશયગ્રસ્ત અર્જુનને પણ વિશ્વરૂપના દર્શન દીધા હતા.

દેશની આઝાદીની લડાઈ લડનાર લડવૈયાને અંગ્રેજો કાળા પાણીની કેદ ફરમાવતા હતા. જયાં પાશવી રીતે શરીર ચકનાચુર થાય તેવો શારીરિક શ્રમ કરાવતા હતા. જમવાની રોટલામાં લોટની ભારોભાર માટી મેળવતા હતા.સ્વાતંત્ર્યવીરો આવી રોટલી ખાઈને કીડની કે પાચનને લગતા રોગોનો ભોગ બનતા હતા.કટોકટીના સમયમાં આ પ્રકારનો દુરવ્યવહાર રાજકીય કેદી સાથે કરાતો હતો. જેના લીધે લોકમાન્ય જયપ્રકાશની તબિયત લથડેલી એવું કહેવાતું.

નાના બાળકો માટી ખાવાની આદત ધરાવતા હોય છે. નાસમજ હોવાના કારણે માટી કે ચોક ખાતા હોય છે. શરીરમાં આયર્નની ઉણપ હોવાના લીધે માટી ખાતા હોવાનું કહેવામાં આવે છે. સગર્ભા સ્ત્રીઓ ભૂતડો ખાતી હોય છે.

આપણે રાજિંદા જીવનમાં મરી મસાલા, મીઠું વાનગી પર ભભરાવીએ છીએ તેમ માટી ભભરાવી લિજ્જતથી આરોગીએ ખરા? આવું બને ખરું? દુનિયાનો એક માત્ર પર્વત ઈરાનના હોર્મુઝ આઈલેન્ડમાં આવેલો છે જેની માટીને ખાઈ શકાય છે અને તેનાથી શરીરને કોઈ જ નુકસાન થતું નથી. સ્થાનિક લોકોને મસાલાની જેમ છુટથી ઉપયોગ કરતા જોઈને મુલાકાતીઓને નવાઈ લાગે છે.

ઈરાનના દરિયાકાંઠે ૮ કિમી વિસ્તારમાં પથરાયેલો હોર્મુઝ આઈલેન્ડ રંગબેરંગી જણાતો હોવાથી તેને રેઈન બો આયલેન્ડ પણ કહેવામાં આવે છે. કરોડો વર્ષ પહેલા દરિયાકાંઠે ઉથલ પાથલ સર્જાઈ તેનાથી સાગરકાંઠે મીઠાના મોટા પડ બન્યા હતા. આ પડ વચ્ચે ટકકર થઈ અને જવાળામૂખીની ધૂળ તેમાં ભળી જતા સમગ્ર ભૂભાગ રંગીન બની ગયો છે.

હોર્મુઝના લોકો દરિયાકાંઠે મળતી સાર્ડિન,કિલકા જેવી માછલીમાંથી સુરઘ નામનું ફૂડ તૈયાર કરે છે તેમાં આ લાલ ચટ્ટાક માટી નાખે છે. આ લાલ માટીનો ઉપયોગ તોમશી નામની એક સ્થાનિક રોટલી બનાવવામાં પણ થાય છે જેને લોકો પનીર સાથે માણે છે. દાળ ચાવલમાં પણ રેઈન બો આઈલેન્ડની માટીનો મસાલા તરીકે ભરપૂર ઉપયોગ થાય છે. સોંસ અને જામમાં પણ માટી નાખવામાં આવે છે. કેટલાક સ્થળે લાલ જ નહી સફેદ, પીળી, લીલી અને નારંગી તથા ભૂરા રંગની માટી પણ ખાવામાં વપરાય છે. જો કે સ્થાનિક લોકો કયારેય આ માટીને આખેઆખી ખાતા નથી માત્ર તેનો મસાલા તરીકે જ લે છે. લાલ ફેરિયસ ઓકસાઈડ માટીમાં ગુણકારી ખનીજ તત્વો હોય છે. અગ્નિ ચટ્ટાનોથી બનેલી આ માટીને સ્થાનિક ભાષામાં ગેલેક કહેવામાં આવે છે.

રાજુ રદી મેઘ ધનુષી ગેલેક માટી ખાવા હોર્મુઝ આઈલેન્ડ જવા માંગે છે!!!

ભરત વૈષ્ણવ..

૨૬.૭.૨૦૨૨.

## થાય છે?

**ક્યારેક ડિફયુઝ થાય છે,**
**ક્યારેક કન્ફયુઝ થાય છે.**
**સનમને ગાળો દઈ દીધી,**
**પછી એપોલાઈઝ થાય છે!**
**ભૈ રાતભર રખડ્યા બાદ,**
**અફવાઓ ન્યુઝ થાય છે!!**
**હમે તેટલું રફ વાપરો તો પણ,**
**મગજ કયાં નોનયુઝ થાય છે??**
**ઝૂંપડાના અમીરઝાદાથી,**
**અલ ખલીફા બુર્ઝ થાય છે?**
**સખી સાંભળે ન સાંભળે,**
**અમારાથી અર્જ થાય છે!!**
**જો કોઈ કેમ છે એમ પૂછે ,**
**તૃષ્ણાની તર્જબર્જ થાય છે!!!**
**આલિંગન કે ચુંબન વિના,**
**કયાં બીજું કર્જ થાય છે?**

**ભરત વૈષ્ણવ**
**૨૬.૭.૨૦૨૨.**

# યુરેનિયમના મોટા કન્સાઈનમેન્ટને ભારતમાં લાવવાનું ષડયંત્ર નિષ્ફળ બનાવવામાં આવ્યું




નવીદિલ્હી,તા.૨૭

યુરેનિયમના મોટા કન્સાઈનમેન્ટ ભારતમાં લાવવાના પ્રયત્નને નિષ્ફળ બનાવાયો છે. આ કેસમાં પોલીસે ભારત-નેપાળ બોર્ડર પર ૧૧ અફઘાન સહિત ૧૩ લોકોની ધરપકડ કરી છે. આ ધરપકડ બાદ હવે ભારત-નેપાળ બોર્ડર પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. નેપાળે કહ્યું છે કે તેણે ૨૩ જુલાઈના રોજ બિરાટનગરથી આ કેસમાં બે દોષિતોની ધરપકડ કરી હતી. ગયા અઠવાડિયે બે કિલોગ્રામ યુરેનિયમની દાણચોરીના પ્રયાસમાં ૧૧ અફઘાન અને બે નેપાળી નાગરિકોની ધરપકડ કરવામાં આવ્યા બાદ ભારત-નેપાળ સરહદે સુરક્ષા વધુ કડક કરવામાં આવી છે.

આ પછી તરત જ નેપાળના ગૃહ મંત્રાલયે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે ત્રીજા દેશોના નાગરિકો બિહાર અને નેપાળની ખુલ્લી સરહદનો ફાયદો ઉઠાવીને અત્યંત સંવેદનશીલ યુરેનિયમની દાણચોરી કરી રહ્યા છે. આ બંને દેશો માટે ખતરો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીઓ બિહારના અરરિયા જિલ્લામાં જોગબાની બોર્ડરથી પ્રવેશવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

અફઘાન નાગરિકોની ધરપકડ એ એક સંવેદનશીલ બાબત છે કારણ કે સુરક્ષા એજન્સીઓએ પટનામાં ફુલવારી શરીફના એક શંકાસ્પદ આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યાના દિવસો પછી આવી છે. ભારતની સુરક્ષા એજન્સીઓને શંકા છે કે અરરિયા,

**આ બંને દેશો માટે ખતરો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીઓ બિહારના અરરિયા જિલ્લામાં જોગબાની બોર્ડરથી પ્રવેશવાનો પ્રયત્ન કરી રહ્યા હતા**

પૂર્ણિયા, કિશનગંજ અને કટિહાર જિલ્લા જેવા સીમાંચલ જિલ્લાઓમાં મોટી સંખ્યામાં સ્લીપર સેલ સક્રિય છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સંજય જયસ્વાલે પણ દાવો કર્યો હતો કે બિહારમાં મોટી સંખ્યામાં સ્લીપર સેલ સક્રિય છે. તેમણે કહ્યું "નેપાળમાં વિકાસ થયા પછી અમે બિહાર અને નેપાળને જોડતી દરેક બોર્ડર પોસ્ટ પર તપાસને વધુ તીવ્ર બનાવી રહ્યા છીએ." મને મુસાફરી કરતા પહેલા માન્ય ઓળખ પુરાવા રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે આરોપીનું પહેલું લક્ષ્ય બિહારના જોગબાની નગર થઈને વિસ્તારમાં પ્રવેશવાનું હતું અને મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાં આશ્રય લેવો હતો. અધિકારીઓ દાવો કરી રહ્યા છે કે આ ભારત વિરુદ્ધ એક મોટું ષડયંત્ર હતું. યુરેનિયમ એ અત્યંત સંવેદનશીલ કિરણોત્સર્ગી તત્વ છે, જેનો ઉપયોગ પરમાણુ રિએક્ટરમાં અને તેની મદદથી અણુ બોમ્બ બનાવવામાં થાય છે.

# જન્મ આપનારી માતા છૂટાછેડા બાદ પતિ પાસેથી બાળક દત્તક લઈ શકે:પંજાબ-હરિયાણા હાઈકોર્ટ

ચંડીગઢ,તા.૨૭

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે એક મહત્વનો ચુકાદો આપતા કહ્યું કે, પતિથી છૂટાછેડા બાદ પ્રથમ પતિથી થયેલી પોતાની જ દિકરીને દત્તક લઈ શકે છે. જસ્ટિસ રિતુ બાહરી અને જસ્ટિસ અશોક કુમાર વર્માની બેન્ચે કહ્યું કે, જો પ્રથમ પતિ બાળકીને દત્તક આપવા માટે સહમત હોય તો પૂર્વ પત્ની બીજા પતિ સાથે આ બાળકીને દત્તક લઈ શકે છે. પીઠે ૨૦૨૧માં ભિવાની ફેમિલી કોર્ટમાં માતાની અરજી રદ કરતા ચુકાદો સંભાળ્યો હતો, જેને રદ કર્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, જન્મ આપનારી માતા પોતાના જ બાળકને દત્તક લઈ શકે છે.કોર્ટે કહ્યું કે, અરજી એ આધાર પર રદ ન કરી શકાય છે કે, માતાનો બેવડો દરજ્જો ન હોઈ શકે. પીઠે કહ્યુ કે, હાલના કેસમાં તમામ સંબંધિત દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા છે. ત્યારે આવા સમયે અરજીને ડ્યૂલ સ્ટેટસના આધાર પર રદ કરી શકાય નહીં. ત્યારે આવા સમયે ભિવાની કોર્ટનો ચુકાદો રદ થાય છે. બાળકોને દત્તક લેવાના નિયમોમાં ફક્ત એકલો પુરુષ છોકરીને દત્તક લઈ શકતો નથી. જરૂરી છે કે, દંપત્તિ છોકરીને દત્તક લેવા માટે અરજી કરી હતી. હાઈકોર્ટે કહ્યું કે, આ કેસમાં પતિ-પત્નીની છોકરીને દત્તક લેવાની માગ કરી હતી.હકીકતમાં મહિલાએ અરજીમાં કહ્યું હતું કે, પ્રથમ લગ્નથી તેને ૨૦૧૨માં છોકરી થઈ હતી. ૨૦૧૬માં તેણે છૂટાછેડા લઈને ૨૦૧૭માં બીજા લગ્ન કર્યા હતા. ત્યાર બાદ મહિલાએ ભિવાની કોર્ટમાં પ્રથમ પતિ પાસેથી બાળકીને દત્તક લેવા માટે અરજી કરી હતી. મહિલાએ કહ્યું કે, બાળકી સાથે રહેવા માગતી હતી અને તેનો પ્રથમ પતિ બાળકી દત્તક આપવા તૈયાર છે. તેથી અરજી મંજૂરી થાય છે. ફેમિલી કોર્ટે અરજી રદ કરતા કહ્યું કે, માનો દરજજો બેવડો હોઈ શકે નહીં. જો સાવકા માતા-પિતા પણ અરજી દાખલ કરે છે, તો તેને મંજૂરી કરી શકાય નહીં. જન્મ આપનારી માતા, દત્તક લેનારી માતા હોઈ શકે નહીં. મહિલાએ હાઈકોર્ટમાં આ ચુકાદાને પડકાર આપ્યો હતો, જયાં હાઈકોર્ટમાંથી તેના પક્ષમાં ચુકાદો આવ્યો હતો.

## યુક્રેનથી પરત ફરેલા ભાવિ ડૉક્ટરોનું ભાવિ અનિશ્ચિત !

# ભારતમાં એમબીબીએસ કરવા ૫૦ લાખથી ૧ કરોડ થાય જ્યારે યુક્રેનમાં ૨૨ લાખમાં જ પડે !

નવીદિલ્હી,તા.૨૭

યુક્રેનમાં યુદ્ધ ફાટી નીકળતા ભારત પરત ફરેલા ૨૦ હજાર મેડિકલ છાત્રોનું ભાવિ જોખમમાં મુકાયું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય રાજયમંત્રી ડો. ભારતી પ્રવીણ પવારે ગતરોજ મંગળવારે રાજયસભામાં સ્પષ્ટ કર્યુ હતું કે વિદેશમાં અભ્યાસ કરતા છાત્રોનો 'સ્ક્રીનિંગ ટેસ્ટ વિનિમય - ૨૦૦૨ ' તેમજ વિદેશી ચિકિત્સા સ્નાતક લાઈસન્સ વિનિમય-૨૦૨૧ ' અંતર્ગત સમાવેશ થાય છે.

ભારતીય ચિકિત્સા પરિષદ અધિનિયમ- ૧૯૫૬ અને રાષ્ટ્રીય ચિકિત્સા આયોગ અધિનિયમ-૨૦૧૯ અન્વયે વિદેશમાં અભ્યાસ કરતા કોઈ પણ મેડિકલ છાત્રનો દેશની કોલેજોમાં સમાવેશ કરી શકાયનહીં .તેથી,યુક્રેનથી પરત આવેલા કોઈ પણ ભારતીય છાત્રને દેશની શૈક્ષણિક સંસ્થામાં સમાવવા મંજૂરી નથી આપવામાં આવી.

ભારતીય દૂતાવાસ છાત્રોની મદદ કરી રહ્યું છે. દૂતાવાસની મદદથી યુક્રેનની તમામ મેડિકલ યુનિવર્સિટી - કોલેજોનો સંપર્ક કરી અભ્યાસની સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જોકે, ભારતીય વિદ્યાર્થીઓ શા માટે યુક્રેન અભ્યાસ માટે જવું પડે છે તેના કારણોમાં દેશની સરકારી મેડિકલ કોલેજોમાં માત્ર પસંદગીના વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળે છે, બાકીના વિદ્યાર્થીઓ માટે ખાનગી કોલેજોનો વિકલ્પ છે, પરંતુ આ કોલેજોમાં અભ્યાસનો ખર્ચ રૂ ૫૦ લાખથી રૂ ૧ કરોડ સુધીનો હોય છે જયારે યુક્રેનમાંએમબીબીએસનો અભ્યાસ ૨૦થી ૨૨ લાખમાં જ થાય છે. જ્યારે આપણા દેશમાં એક કરોડ રૂપિયા પણ ખર્ચાય છે,વળી યુક્રેનમાં અભ્યાસ કરવાનો સૌથી મોટો ફાયદો એ છે કે ત્યાંની મેડિકલ ડિગ્રી ભારતમાં તેમજ ડબ્લ્યુએચઓ, યુરોપ અને બ્રિટનમાં માન્ય છે. યુક્રેનના તબીબી વિદ્યાર્થીઓ વિશ્વના કોઈપણ ભાગમાં પ્રેક્ટિસ કરી શકે છે.

બીજું કે ભારતમાં મેડિકલ અભ્યાસ માટે ઘણી હરીફાઈ છે. દેશમાં મેડિકલની એક લાખ બેઠકો માટે ૧૭ લાખ વિદ્યાર્થીઓ અરજી કરે છે. તેમાંથી ૧૬ લાખ વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો નથી. ભારતમાં મોટાભાગના વિદ્યાર્થીઓ સરકારી કોલેજોમાં એડમિશન લેવા માંગે છે, પરંતુ આ કોલેજોની મેરિટ લિસ્ટમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ આવતા હોય ન છૂટકે મેડીકલ ફિલ્ડના વિદ્યાર્થીઓ યુક્રેન ભણવા જાય છે પણ યુદ્ધ થતા હવે તેઓ અટવાઈ ગયા છે.

# હર હર મહાદેવ..




**આ વર્ષે પુષ્ય નક્ષત્રમાં શ્રાવણ માસનો પ્રારંભ અતિશુભ ગણવામાં આવે છે. શ્રાવણ માસથી શરૂ થતી તહેવારોની ભરમાર : શ્રાવણીયા સોમવારનું વિશેષ મહત્વ**

હર હર મહાદેવપપ એક બિલ્વમ.. એક પત્રમ.. એક લોટા જલ કી ધાર.. તારીખ ૨૯ જુલાઈ, શુક્રવારથી શ્રાવણ માસનો પ્રારંભ થશે આ વર્ષે શ્રાવણ માસ પુષ્ય નક્ષત્રમાં પ્રારંભ થશે જે અતિશુદ્ધ માનવામાં આવે છે. શ્રાવણ માસના સોમવારનું વિશેષ મહત્વ છે. શ્રાવણ માસ શરૂ થતા જ નાના-મોટા દરેક શિવાલયોમાં ભક્તોનું ઘોડાપૂર ઉભરાય છે. બ્રાહ્મણોમાં તેમજ શિવ ભકતોમાં શ્રાવણ માસનું વિશેષ મહત્વ હોય છે. તારીખ ૨૯ જુલાઈને શુક્રવારથી શ્રાવણ મારા પ્રારંભ થશે શુક્રવારે સવારે ૦૯:૪૫:૩૭ એ પુષ્ય નક્ષત્ર છે. પુષ્ય નક્ષત્ર ધર્મ-પૂજા-પાઠ માટે અતિ શુભ ગણવામાં આવે છે શ્રાવણ સુદ એકમના દિવસે નક્ષત્ર હોવાથી આ વર્ષે શ્રાવણ માસ વધારે શુભ ગણાશે, પુરાણ પ્રમાણે તથા પંચાંગ પ્રમાણે શ્રાવણ માસના ચારેય સોમવાર પ્રમાણે પૂજા કરવાથી જીવનમાં સુખ શાંતિ મળશે આ પૂજાને શિવમુષ્ઠી કહેવામાં આવે છે એટલે કે એક મુઠ્ઠી ધાન્ય શિવજી ઉપર ચડાવવવું.

ઉપરાંત શ્રાવણ માસ દરમિયાન ધન પ્રાપ્તિ માટે બિલિપત્રથી પૂજા કરવી, નવગ્રહ શાંતિ માટે કાળા તલથી પૂજા કરવી. તેમજ આ વર્ષે શ્રાવણ મહિનો પૂરા ૩૦ દિવસનો છે તેમ જ્યોતિષશાસ્ત્રી રાજેન્દ્રકુમાર પંડ્યા અને ઉર્વીશકુમાર પંડયા એ યાદીમાં જણાવ્યું છે.

શ્રાવણ માસનાં સોમવારની પૂજા વિધી

તારીખ ૧-૮-૨૦૨૨ પહેલા સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી ચોખા ચડાવવા

તારીખ ૮-૮-૨૦૨૨ બીજા સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી કાળા તલ ચડાવવા

તારીખ ૧૫-૦૮-૨૦૨૨ ત્રીજા સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી મગ ચડાવવા

તારીખ ૧૫-૦૮-૨૦૨૨ ત્રીજા સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી જવ ચડાવવા

# અમેરીકા લોસ એન્જલસ માં " અમેરીકન ઈન્ડીયન સિનીયર એસોસીએશન દ્વારા "સમર પીકનીક" યોજાઈ





લોસ એન્જલસ,

સધર્ન કેલિફોર્નિયા સ્થિત ' અમેરીકન ઈન્ડિયન સિનીયર એસોસીએશન છૈંજીછ ' દ્વારા સરીટોસ સીટીના હેરીટેઝ પાર્ક માં સભ્યોની સમર પીકનીક ખૂબજ આનંદપૂર્વક માહોલમાં ઉજવાઈ ગઈ .

સૌથી વધુ સભ્ય સંખ્યા ધરાવતી આ સંસ્થા ખૂબજ ઉમદા કાર્યક્રમો ના આયોજન માટે જાણીતી છે. કસીનો ની બસ યાત્રા બાદ યોજાયેલ પાર્ક પીકનીક માં અંદાજીત ૭૫ થી વધુ સભ્યોએ સંપુર્ણ તકેદારી સાથે હાજરી આપી કાર્યક્રમને સફળતા અપાવી જે માટે સ્વયંસેવકોના પ્રયત્નો ને બિરદાવવા રહ્યા.

પ્રારંભમાં સંસ્થાના પ્રમુખશ્રી અરવિંદ પટેલ દ્વારા આવકાર સાથે પીકનીકના પ્રયોજનો અને તેને સફળ બનાવનાર તેમના સાથીદારો અમૃત પટેલ, મીના પટેલ, સિધ્ધાર્થ શાહ, જય શાહ, જીતેંદ્ર પટેલ, રાજ ઠાકર નો આભાર વ્યક્ત કર્યો.

અનિલ દેસાઈ દ્વારા ઈંસ્ટ્રુમેન્ટલ ગીત રજુ થયા, ત્યાર બાદ બીંગો ગેમ રમાડવામાં આવી જેમાં જાગ્રુતિ શાહ , રાજુભાઈ , સિધ્ધાર્થભાઈ એ વ્યવસ્થા સંભાળી, પાંચ વિજેતાઓ ને ઈનામ દ્વારા સંન્માનવામાં આવ્યા..

આ કાર્યક્રમમાં લંચની વ્યવસ્થા અમૃત પટેલની ટીમ દ્વારા ગોઠવવામાં આવેલ... અગીયારસ હોવાથી ખાસ ધ્યાન રાખીને બનાવેલ ભોજન નો સૌએ આનંદ માણ્યો.

તેમજ આગામી મંદીર યાત્રાની માહિતી આપવામાં આવી... સૌ એ ખૂબ આનંદથી સ્નેહ દર્શાવી વિદાય લીધી... ( માહિતી : હર્ષદરાય શાહ અને તસ્વિર : કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG.SS.NO.0073

વિષય.બદલાતી સામાજીક આધુનિક શૈલી.

પ્રકાર. ગદ્ય.

શીર્ષક..આધુનિક જીવન..નવી પેઢી

બદલાતી જીવન પધ્ધતિ દરેક ને અનુકૂળ આવી ગઈ,જૂની પેઢીના લોકો નવી પેઢીને અનુસરીને પોતાની જૂની આદતો વિચારો અને સિધ્ધાંતોને નેવે મૂકી પોતાના બાળકો જેમાં ખુશ રહે એમાં પોતાની ખુશી શોધવા લાગ્યા,

એ જરૂરી પણ એટલુંજ છે જો તમાંરે તમારા આધુનિક બાળકો સાથે તાલમેલ કરી એની સાથે રહેવું હશે તો એના માટે તમારે બદલાવ લાવવોજ પડશે,નવી પેઢી આધુનિક છે પણ ઉદ્ધત નથી,બસ એમને સમજવાની જરૂર છે,પશ્ચિમી સંસ્કૃતી નું આંધળું અનુકરણ થયું છે,વિચારોમાં સ્વંત્રત્રતા આવી છે,પણ સંસ્કારતો આપણેજ આપવાના છે,એટલે નવી પેઢી જૂની પેઢીને આદર નથી કરતી,તો એમાં ક્યાંયક ને ક્યાંક આપણી ક્ષતિ છે,

જ્યા સંસ્કાર છે ત્યાં કોઈ આધુનિકતા અડતી નથી,બધું મર્યાદા માં હોય છે.

નયના પટેલ..

---

NOG SS NO 0112

વિષય : બદલાતી સામાજીક આધુનિક શૈલી.

પ્રકાર : ગદ્ય

શીર્ષક : પરિવર્તન આવકાર્ય

સમય સાથે પરિવર્તન આવકાર્ય છે, જરૂરી છે.

આધુનિક યુગ અને ટેક્નોલોજીના યુગમાં લોકોએ ખૂબ જ હરણફાળ પ્રગતિ કરી છે. જેમાં ગુજરાતીઓ ની મહેનત, પ્રમાણિકતા, નિષ્ઠા, અને પરસ્પર સંગઠનની ભાવનાથી દરેક ક્ષેત્રમાં ઉભરી આવ્યા છે.

વિશ્વના મોટાભાગના દેશોમાં ગુજરાતી લોકો એ ઉદ્યોગ, વેપાર,જોબ, રાજકારણ, અને કલામાં આગવી પ્રતિભા સ્થાપિત કરી છે.

જે જુની પેઢી અને નવી પેઢીના સંકલનનો એક ભાગ છે.

જુની પેઢીના આપણા વડીલોએ જુના વિચારોને તિલાંજલિ આપી સમયની સાથે કદમથી કદમ મિલાવવામાં પુરો સાથ સહકાર આપી ઉત્સાહ પુરો પાડ્યો છે.

તેવી જ રીતે નવી પેઢી ( યંગ જનરેશન ) માં પણ એજ્યુકેશન અને આવડત નુ પ્રમાણે જોવા મળી રહ્યુ છે.

વિદેશમાં વસવાટ કરવાની સાથે એજ્યુકેશન, ટેક્નોલોજી, જ્ઞાન, વિજ્ઞાનનો સુમેળ અને ભારતીય સંસ્કૃતિના મૂળભૂત મૂલ્યોને ધ્યાનમાં રાખી ઉચ્ચતર પ્રગતિ કરી છે.

વિવિધ ક્ષેત્રમાં ટોચના સ્થાને બિરાજી ગુજરાતીઓ સમગ્ર વિશ્વમાં ગુજરાત અને ગુજરાતીઓનુ ગૌરવ વધારી રહ્યા છે.

જય જય ગરવી ગુજરાત

રાજેશભાઇ એસ વ્યાસ 'રાજ'

ધ્રુવનગર,,,,, મોરબી

---

NOG N0 :.S.S. 0059.

વિષય:દેશ-વિદેશમાં,
ગુજરાતીઓનો દબદબો
અને બદલાતી સામાજિક
આધુનિક શૈલી.

શીર્ષક: 'વિશ્રવમા આગવી
ઓળખ ગૂજરાતીની'.

શબ્દો: ૩૪૮.

શ્ર?જયકાન્ત ઘેલાણી-'પ્યારે'.

વિશ્ર્વની પ્રજા, સામાન્ય સનાતન સત્યતો એકી અવાજે સ્વિકારે છે કે,
'જે સમય સાથે ચાલે,
પ્યારે' તે જરૂર ફાવે'.
જ્યારે' આપણી ગૂજરાતી કોમ તો
સમયથી પણ આગળ !,એટલે કે
આવનાર ભવિષ્યનો પ્રથમ વિચાર કરીને, પ્લાન બનાવીને ચાલનારી કોમછે તેથી,
'પ્યારે' ગૂજરાતી સર્વતે પૂજયતે'.

સો ટકા વિશ્ર્વાસ સાથે લખુછુ કે આજે વિશ્ર્વના વ્યાપાર જગતમા પ્રમાણિકતા અને વિશ્ર્વાસનિયતા માટે ગૂજરાતી અવલ નંબરે છે.

જે આદર આપેછે, તેજ આદર મેળવવાનો હક્કદાર ! ,

આછે ગરવા ગુજરાતી નો વિશ્ર્વના દરેકખૂણે અને દરેક ક્ષેત્રે, છવાઈ જવાનો રાજ!

સલામ, ગુજરાતી- સલામ !

ગુજરાતી પ્રજા તેની આવડત, કડી મહેનત અને કૂનેહથી દરેક ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરેછે અને મોખરાનું સ્થાન રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે મેળવીને જ જંપેછે.

આઝાદી ની લડતમા, સત્ય અને અંહિસા ના શાસ્ત્રો વડે, આધૂનિક
શસ્ત્ર ના સોદાગર પાસેથી
આઝાદી મેળવનાર પણ આપણા
રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી !

વિશ્ર્વ ના પટ પર જેની અમીટ છાપ પડીછે તેવાં ગરવા ગૂજરાતી નો આછેરો ઈતિહાસ જાણીએ.

ભારતના પ્રથમ ગૃહપ્રધાન,
શ્રી વલ્લભભાઈ પટેલ, જેઓએ
પાંચસો રજવાડાનુ એકીકરણ કરી, ભારતના વધુ થતા બટવારા રોકી, 'લોખંડી પુરૂષ 'નું બિરુદ હાંસલ કર્યુ.

ભૂતપૂર્વ વડાપ્રધાન
શ્રી મોરારજીભાઈ દેશાઈ એ વિશ્રવમા નાણાપ્રધાન ની આગવી ઓળખ કંડારી.

વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદી
તેમજ તેમની ટીમની સુદ્રઢ
કામગીરીની નોધં આજે પણ વિશ્ર્વને લેવીજ પડેછે, પછી પાકિસ્તાન હોય કે ચીન ?

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે,
નર્મદ,મૂનસી અને મેઘાણી જેવા અનેક કવિ- લેખકોએ ગૂજરાતીની આગવી ઓળખ જમાવીછે.

જાદૂ ક્ષેત્રે બગસરાના વતની
કે.લાલે વિશ્ર્વને ચકીત કર્યુ.

આધ્યાત્મિક ક્ષેત્રે યુગપુરૂષ
શ્રીમદ્ રાજચંદ્રજીએ, જૈન ધર્મ નું
આત્માનું અનમોલ રહસ્ય સમગ્ર વિશ્ર્વને બતાવ્યુ. ટુંકમા ગુજરાતીનો દબદબો, સંસ્કૃતિ, કલા, સ્થાપત્ય,વિજ્ઞાન

ખાન- પાન જેવાં વિવિધ દરેક ક્ષેત્ર ઉપરછે.સમસ્ત વિશ્ર્વમા કાયમ રહ્યોછે અને રહેશે.

હાં આધુનિકતાના બ્હાના નીચે,
પશ્ર્ચીમી સંસ્કૃતિની આડ અસર આપણી રીત ભાત ઉપર પડીછે અને આપણે તેના પરિણામ પણ ભોગવી રહ્યા છીએ.

જાગ્યા ત્યારથી સવાર ગણી,
ફરી આપણા અમૂલ્ય સંસ્કાર વારસાને સ્થાપિત કરીનેજ ગુજરાતીઓ જંપશે, તેમા બે મત નથી.

- ઉઠો, નવયુવાનભાઈ બ્હેનો !
પ્યારે'શૂભષ્ય શિઘ્રમ !.
જયકાંત ઘેલાણી (પ્યારે).મુંબઈ

# મારા ઘરનો ઉપયોગ 'મિની બેંક' તરીકે થતો હતો, પાર્થ ચેટર્જી દર ૧૦ દિવસે આવતા હતા: અર્પિતા મુખર્જી

## અર્પિતા મુખર્જીએ ઈડીની પૂછપરછ દરમિયાન ઘણા મોટા ખુલાસા કર્યા




કોલકતા,તા.૨૭

પશ્ચિમ બંગાળ શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં ધરપકડ કરાયેલા મંત્રી પાર્થ ચેટરજીની નજીકની સહયોગી અર્પિતા મુખર્જીએ ઈડીની પૂછપરછ દરમિયાન ઘણા મોટા ખુલાસા કર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પૂછપરછ દરમિયાન અર્પિતા મુખર્જીએ કહ્યું છે કે તેના ઘરનો ઉપયોગ 'મિની બેંક' તરીકે થતો હતો, પાર્થ ચેટર્જી દર ૧૦ દિવસે તેના ઘરે આવતો હતો. બધા પૈસા પેક કરીને એક રૂમમાં રાખવામાં આવ્યા હતા. આ રૂમની અંદર માત્ર પાર્થ ચેટર્જી અને તેના લોકો જ આવતા હતા. પાર્થ ચેટરજીની પરવાનગી વિના આ રૂમમાં કોઈ પ્રવેશી શકતું ન હતું અને પાર્થ કયારેય પણ કેહતા નોહતા કે કેટલા પૈસા મુકવામાં આવ્યા છે.

કોલકાતામાં અર્પિતા મુખર્જીના ઘરે દરોડા દરમિયાન ઈઢએ બે ડાયરીઓ જપ્ત કરી છે. આ ડાયરીની શોધ બાદ એવી અટકળોએ જોર પકડ્યું છે કે બંગાળમાં એક મોટું કૌભાંડ થયું છે અને આ કૌભાંડમાંથી મળેલું કાળું નાણું ઉડિયા ફિલ્મોના નિર્માણમાં રોકવામાં આવતું હતું. મુખર્જીના ઘરેથી બે ડાયરીઓ મળી આવી છે. આ ડાયરીઓ કથિત કૌભાંડની ચાવી હોવાનું માનવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ડાયરીમાં રાજનેતાઓ, ફિલ્મ નિર્દેશકો અને નિર્માતાઓ સહિત અનેક હાઈ-પ્રોફાઈલ નામો છે.

અર્પિતા ૨૦૦૮ થી ૨૦૧૪ સુધી બંગાળી અને ઉડિયા ફિલ્મ ઉદ્યોગમાં સક્રિય હતી. તેમણે આ સમયગાળા દરમિયાન ઓછામાં ઓછી ૬ ઓડિયા ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. આનાથી એવી અટકળો શરૂ થઈ છે કે તે ઓડિયા ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મોટા દિગ્દર્શકો, નિર્માતાઓ અને પ્રોડક્શન હાઉસ સાથે સંબંધ ધરાવે છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે અર્પિતાએ ઉડિયા ફિલ્મો પણ પ્રોડ્યુસ કરી છે, જો કે હજુ સુધી આના કોઈ નક્કર પુરાવા મળ્યા નથી.

હવે અર્પિતા મુખર્જી પર ઘણા સવાલો ઉઠી રહ્યા છે કે તેની પાસે આટલા પૈસા ક્યાંથી આવ્યા. તેણે જે ફિલ્મો કરી તે સ્ક્રીન પર કંઈ ખાસ દેખાડી શકી નહીં. આ પછી પણ તેની પાસે એટલા પૈસા છે કે તેની પાસે દક્ષિણ કોલકાતાના જોકા વિસ્તારમાં એક આલીશાન એપાર્ટમેન્ટ છે. જો કે આ તમામ સવાલોના જવાબ અને તે ડાયરીઓમાં શું છે તે ઈડીની પૂછપરછ બાદ જ જાણવા મળશે. તમને જણાવી દઈએ કે ઈડીએ અર્પિતા મુખર્જીના ઘરેથી ૨૧ કરોડથી વધુની જ્વેલરી રિકવર કરી હતી.

# કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી નાં સમર્થન માં કોંગ્રેસ સમિતિ દ્વારા ધરણાં પ્રદર્શન કાર્યક્રમ યોજાયો

**ભાજપ સરકાર ના દોરી સંચાર થી કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી ને એડી દ્વારા સમન્સ બજાવવામા આવ્યું છે : કોંગ્રેસ..**

**ગુજરાતનાં સૌરાષ્ટ્રમાં બનેલ લઠ્ઠાકાંડ પાછળ ભાજપના આગેવાનો ની ભાગીદારી જવાબદાર છે : ચંદનજી ઠાકોર..**




પાટણ તા.૨૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર ના આદેશ અનુસાર કેન્દ્ર ની ભાજપ સરકાર દ્વારા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધીજી ને ઇ. ડી.દ્વારા પાયા વિહોણા અને ખોટી રીતે ઉભા કરેલા નેશનલ હેરાલ્ડ કેસમાં ભાજપના દોરી સંચાર થી સમન્સ પાઠવવાના વિરોધ માં સમગ્ર ગુજરાત નાં જિલ્લા મથકોએ કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન અને ધરણા નો કાર્યક્રમ બુધવારના રોજ આયોજીત કરવામાં આવ્યો હતો જેને લઈને પાટણ શહેર, તાલુકા અને જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરના બગવાડા ચોક ખાતે સિધ્ધપુર નાં ધારાસભ્ય ચંદનજી ઠાકોર ની વિષેશ ઉપસ્થિતીમાં ધરણા પ્રદર્શન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.પાટણ શહેર નાં બગવાડા દરવાજા ખાતે આયોજિત ધરણાં કાર્યક્રમ માં ઉપસ્થિત રહેલા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો દ્વારા ભાજપ સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા.આ પ્રસંગે ઉપસ્થિત રહેલા સિધ્ધપુર નાં ધારાસભ્ય ચંદનજી ઠાકોરે ભાજપ સરકાર સામે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાત અને ભારત દેશ માં ભાજપ સરકાર તમામ ક્ષેત્રે નિષ્ફળ નીવડી છે ત્યારે ભાજપ સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવનારાઓને ભાજપ સરકાર દબાવી દેવા કાયદાનો દુર ઉપયોગ કરી રહી છે તેઓએ સૌરાષ્ટ્ર નાં સર્જાયેલા લઠ્ઠાકાંડ બાબતે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે ગુજરાતમાં દારૂનાં ધંધાઓ મોટા ભાગે ભાજપના આગેવાનો દ્વારા જ ચલાવવામાં આવી રહ્યા છે રાજસ્થાન ની બોર્ડર ઉપરથી મોટી સંખ્યામાં વિદેશી દારૂનો જથ્થો ગુજરાત માં ધુસાડવામા આવતો હોય જે બાબતે પોલીસ તંત્ર કે ગુજરાત નાં મુખ્યમંત્રી અજાણ નથી છતાં આવી અસામાજિ પ્રવૃતિઓ ને પોલીસ કે સરકાર રોકવામાં આંખ આડા કાન કરી રહી હોય જે બતાવે છે કે ગુજરાતમાં દારૂનાં ધંધાઓ સાથે ભાજપના નેતાઓ ની છત્રછાયા જોડાયેલી હોવાના આક્ષેપ તેઓ દ્વારા કરવામાં આવ્યા હતા.પાટણ ખાતે આયોજિત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પાટણ શહેર, તાલુકા અને જિલ્લા નાં કોંગ્રેસી આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન કોઈ અનિચ્છનિય ઘટના ન ઘટે તે માટે પોલીસ દ્વારા બગવાડા દરવાજા ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો.

# હિંમતનગરમાં સાબર ડેરીના પ્લાન્ટની મુલાકાત લઈને વિવિધ પ્રોજેક્ટનુ લોકાર્પણ કરશે

હિમતનગર,તા.૨૭

ગુજરાતના કેમિકલ કાંડની કરુણાંતિકા વચ્ચે આવતીકાલે પીએમ મોદી ગુજરાત આવશે. તેઓ સાબરકાંઠા સ્થિત સાબર ડેરીના પ્લાન્ટની મુલાકાત લઈને વિવિધ પ્રોજેક્ટનુ લોકાર્પણ કરશે. જેના બાદ તેઓ જંગી જનસભાને સંબોધન કરશે. કેમિકલ કાંડ વચ્ચે તેમની આ મુલાકાત ખાસ બની રહેશે.

આવતીકાલે સવારે ૧૦ કલાકે પીએમ મોદી ગુજરાત પહોંચશે. તેના બાદ તેઓ સાબરકાંઠાની સાબર ડેરીમાં જશે. અહીં તેઓ ૩૦૫ કરોડના ખર્ચે બનેલા પાવડર પ્લાન્ટ, ૧૨૫ કરોડના ખર્ચે બનેલા પેકેજીંગ યુનિટનું લોકાર્પણ કરશે. તથા ૬૦૦ કરોડના ખર્ચે બનનારા ચીઝ પ્લાન્ટનું ખાત મુહૂર્ત કરશે. આ ઉપરાંત સુકન્યા યોજના અન્વયે દિકરીઓને ખાતા ખોલવાનો કાર્યક્રમ અને મહત્તમ દૂધઉત્પાદન કરનાર મહિલા પશુપાલકોનું સન્માન કરવામાં આવશે. પ્રધાનમંત્રી જિલ્લાના પ્રગતિશીલ મહિલા ખેડૂતો તેમજ આદિવાસી મહિલા દૂધ ઉત્પાદકો સાથે મુલાકાત કરશે. તેના બાદ તેઓ જંગી જનસભાને સંબોધન કરશે. કાર્યક્રમ બાદ પીએમ મોદી ગુજરાતથી સીધા ચેન્નાઈ જવા રવાના થશે.

આવતીકાલે પીએમ સાંબરકાંઠામાં હોઈ સાબરડેરી, ગઢોડા અને આસપાસની ૩ કિમીની ત્રિજયામાં સમગ્ર વિસ્તારમાં જાહેરનામુ બહાર પાડવામા આવ્યુ છે. જમીનથી આકાશ તરફ તુક્કલ, ફુગ્ગા, પતંગ, વાવટા ડ્રોન, સિન્થેટીક પ્લાસ્ટિક તેમજ કપડા હાથમાં ફરકાવવા અને ઉડાડવા ઉપર પ્રતિબંધ મૂકાયો છે. જિલ્લા કલેક્ટરે સલામતી અને સુરક્ષા માટે ત્રણ દિવસ માટે આ જાહેરનામુ બહાર પાડ્યું છે. જાહેરનામુ ૨૬ જુલાઈથી ૨૮૮ જુલાઈ સુધી ત્રણ દિવસ અમલમાં રહેશે.

કોઠાસૂઝ અને અડગ નિશ્ચય હોય તો કોઈ કઠિનમાં કઠિન કામ પણ પાર પડી શકે તેની પ્રતીતિ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકોએ કરાવી છે. ઠંડી, ગરમી અને વર્ષા એમત્રાણેય ૠતુની પરાકાષ્ઠાનો સતત સામનો કરતા આ બંને જિલ્લા આજે દૂધ ઉત્પાદનથકી 'શ્વેત વિકાસ' ની પરાકાષ્ઠા તરફ ડગ માંડવા સજ્જ બન્યો છે. છેલ્લા અઠઠાવન વર્ષમાં સાબર ડેરીએ વિકાસની હરણફાળ ભરીને નવા આયામો સર કર્યા છે. 'સ્વ'ના બદલે બીજાના હિતનો વિચાર કરીને ભુરાભાઇ પટેલની આગેવાનીમાં સાબર ડેરીનીસ્થાપના થઈ હતી જે આજે વટવૃક્ષ બની છે. હાલના સમયમાં સાબર ડેરીસાબરકાંઠા ખેડૂતોની જીવાદોરી છે. આજે સાબર ડેરી આખા દેશમાં જાણીતું નામ બની ગયું છે. આ ડેરીએ છેલ્લાં ૫૮ વર્ષમાં ઉડીને આંખે વળગે એવી અદભુત કામગીરી કરી છે, જેના કારણે તે માત્ર ભારતમાં જ નહીં પણ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી ડેરી પણ બની ગઈ છે. સાબર ડેરીના ચેરમેન શામળ પટેલ કહે છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સાબર ડેરીને દીઘર્દ્રષ્ટીપૂર્ણ માર્ગદર્શન સમયાંતરે મળતું રહ્યું છે. તેમણે આપેલા વિચારબીજ ક્રમશઃ વટવૃક્ષ બનતા જાય છે. તેના ફળ આજે સાબરકાંઠા જિલ્લા સહિત ઉત્તર ગુજરાત અને આસપાસના લોકો મેળવી રહ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.

## હર ઘર તિરંગા અભિયાન, જિલ્લો ડાંગ

# જાહેર કે ખાનગી સ્થળો પર હવે દિવસ અને રાત્રે પણ ફરકાવી શકાશે તિરંગો

### રાષ્ટ્રધ્વજની આચાર સંહિતા ઉપર એક નજર

આહવાઃ તાઃ ૨૭ઃ ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે, દેશના દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ, તા. ૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી 'હર ઘર તિરંગા'ની આહલેક જગાવી છે.

ભારત દેશના સ્વાભિમાન, આશા અને આકાંક્ષાઓ રજૂ કરતા તિરંગો ફરકાવવો એ દરેક દેશવાસી માટે ગૌરવની ઘટના છે, ત્યારે આઝાદીના આ અમૃતકાળે 'હર ઘર તિરંગા' અભિયાનમા જનજને જોડાઈને, રાષ્ટ્રગૌરવ લેવાની તક બારણે ટકોરા મારી રહી છે. ત્યારે આપણી આન, બાન, અને શાન સમા તિરંગાનુ અદકેરું માનસન્માન જળવાય રહે, એનો પણ આપણે ખ્યાલ રાખવાનો છે.




**આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરતા દેશના જનજનમા 'હર ઘર તિરંગા' અભિયાન દેશ પ્રત્યે સન્માન અને આદરની ભાવના જગાવશે.**

રાષ્ટ્રધ્વજ કેવો હોવો જોઇએ, કઈ સાઇઝનો હોવો જોઈએ, એ બાબતની પણ એક આચારસંહિતા અમલી છે. તેના વિશે માહિતગાર થવુ એ આ અવસરે ખૂબ જ રસપ્રદ બાબત બની રહેવા સાથે, તેના અમલીકરણમા પણ સરળતા રહેશે. તો આવો જોઈએ,

ભારત સરકાર દ્વારા ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા-૨૦૦૨ અમલી છે. જેમા રાષ્ટ્રધ્વજ અંગે માર્ગદર્શિકા અને અનેક પ્રકારની આચારસંહિતા ઘડી કાઢવામા આવી છે.

ભારતના રાષ્ટ્રધ્વજનુ કદ, તેને ફરકાવવા માટેની પ્રણાલી અને સમય. ક્ષતિગ્રસ્ત થયેલા ધ્વજના નિકાલની પ્રક્રિયા વિગેરે આપવામા આવી છે.

'હર ઘર તિરંગા' અભિયાનને લક્ષમા લઈ,ભારત સરકાર દ્વારા રાષ્ટ્રધ્વજને ફરકાવવા માટેના સમયના નિયમમા ફેરફાર કર્યો છે.

દેશની રાષ્ટ્રધ્વજ સંહિતા-૨૦૦૨મા,નજુલાઇ માસમા જ સુધારો કરવામા આવ્યો છે. તે મુજબ હવેથી જાહેરમા કે વ્યક્તિગત રીતે ઘરમા, દિવસ અને રાતે પણ રાષ્ટ્રધ્વજને ફરકાવેલો રાખી શકાશે.

આ સુધારા પૂર્વે રાષ્ટ્રધ્વજને સંધ્યા સમયે સન્માન સાથે, ઉતારી લેવો પડતો હતો.

ધ્વજને લંબચોરસ રાખવો ફરજિયાત છે. પણ તેના કદનુ ચોક્કસ પ્રમાણ જાળવવુ પડે છે. લંબાઈ અને પહોળાઇનુ પ્રમાણ ૩ અને ૨ના ગુણાંકમા રાખવુ ફરજિયાત છે.

જાહેર કે ઘરના મુખ્ય સ્થાન ઉપર ધ્વજ ફર ફરકાવવાનો છે.

ક્ષતિગ્રસ્ત, ફાટેલો કે તૂટી ગયેલો ધ્વજ ફરકાવવો જોઇએ નહીં. ફાટી ગયેલો ધ્વજ સત્વરે ઉતારી લેવો.

રાષ્ટ્ર ધ્વજને એક જ કાઠી ઉપર લહેરાવવો. એટલે તેની સાથે બીજો કોઇ ધ્વજ લહેરાવી શકાય નહીં. એક લાઇનમા એક કરતા વધારે ધ્વજ ફરાવવામા આવે તેવા સમયે, તિરંગોથી ઉંચે રહે એવો કોઇ અન્ય ધ્વજ ફરાવી શકાય નહિ.

નિયત કદના રાષ્ટ્ર ધ્વજ બનાવવા માટે હાથશાળ, હાથવણાટ, કે મશિન દ્વારા કોટન, પોલીએસ્ટર, ઉન કે સિલ્ક ખાદીનો ઉપયોગ કરવાનો છે. આ નિયમમા સને ૨૦૨૧મા સુધારો કરવામા આવ્યો છે.

તે સુધારાથી મશીન દ્વારા નિર્મિત પોલીએસ્ટરના રાષ્ટ્રધ્વજને પણ મંજૂરી આપવામા આવી છે.

રાષ્ટ્રધ્વજને શણગાર, ગણવેશ, એસેસરીઝના સાધન તરીકે ઉપયોગમા લઇ શકાતો નથી. કુશન, હાથ રૂમાલ, નેપકીન સહિતના કોઇ પણ પ્રકારના ડ્રેસમટીરિયલ્સમા એમ્બ્રોડરી કરી શકાતો નથી. કોઇ પણ વસ્તુને વિટાંળી શકાતો નથી. નિયત કરાયેલા મહાનુભાવોની કારની આગળ જ રાષ્ટ્રધ્વજ લગાવી શકાય છે.

ક્ષતિગ્રસ્ત થયેલા રાષ્ટ્રધ્વજનો નિકાલ વ્યક્તિગત રીતે સળગાવીને કરાય એ ઇચ્છનીય છે. અથવા તેનો પૂરા આદર સાથે અન્ય રીતે પણ નિકાલ કરી શકાય છે.

કાગળથી બનેલા રાષ્ટ્રધ્વજને જાહેરમા ફેંકી શકાય નહી. તેનુ માનસન્માન જાળવી, યોગ્ય રીતે તેનો નિકાલ કરવો જોઇએ.

ઉક્ત નિયમો રાષ્ટ્રધ્વજ સંહિતામા ઉલ્લેખિત છે. તેને ધ્યાને રાખીને રાષ્ટ્રધ્વજના પૂરા આદર સાથે 'હર ઘર તિરંગા' અભિયાનને સફળ બનાવવાનુ પ્રત્યેક દેશવાસીઓને માભોમનુ આહ્વાન છે. આમ, આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરતા દેશના જનજનમા 'હર ઘર તિરંગા' અભિયાન દેશ પ્રત્યે સન્માન અને આદરની ભાવના જગાવશે.

તો આવો જાતિ, ધર્મથી ઉપર ઉઠી દેશના અમૃતકાળમા 'હર ઘર તિરંગા' અભિયાનમા જોડાઈને, દેશ પ્રત્યે અહોભાવ પ્રગટ કરીએ. તેનુ ગૌરવ ગાન કરીએ. જયહિન્દ.

નરેન્દ્ર પવાર
ડાંગ

## ઉચ્ચ સુરક્ષા ચેતવણીઃ




સાવચેત રહો, ઘરને લૂંટવાની નવીનતમ રીત એ છે કે એક એવું જૂથ ઘર-ઘર જઈને હોમ અફેર્સ ઓફિસર હોવાનો ઢોંગ કરી રહ્યું છે. તેમની પાસે દસ્તાવેજો અને ગૃહ મંત્રાલયના વિભાગનું લેટરહેડ છે અને આગામી વસ્તી ગણતરી માટે દરેકની પાસે માન્ય ઓળખ કાર્ડ છે તેની પુષ્ટિ કરવાનો દાવો કરે છે.

તેઓ ઘરો લૂંટી રહ્યા છે. નોંધ કરો કે સરકાર તરફથી આવી કોઈ પહેલ નથી. pls આને તમારા પડોશી જૂથ ચેટ પર મોકલો. તેઓ દરેક જગ્યાએ છે અને તેઓ પ્રસ્તુત દેખાય છે. કૃપા કરીને તમારા પરિવાર અને મિત્રોને ચેતવણી આપો.

એક વ્યક્તિ ઘરે આવે છે અને કહે છે હું 'આયુષ્યમાન ભારત' યોજના હેઠળ તમારો ફોટો/થમ્બપ્રિન્ટ લેવા માંગુ છું. તેમની પાસે એક લેપટોપ, બાયોમેટ્રિક મશીન અને તેના તમામ નામોની યાદી છે. તેઓ યાદી બતાવીને આ તમામ માહિતી માંગી રહ્યા છે. આ તમામ બોગસ હોવાનું ધ્યાને આવ્યું છે.

કૃપા કરીને તેને કોઈ માહિતી આપશો નહીં.

મહેરબાની કરીને મહિલાઓને કહો, ખાસ કરીને જો તેઓ ઓળખ કાર્ડ બતાવે તો પણ કૃપા કરીને તેમને ઘરની અંદર જવા ન દો.

દરેકની જાણકારી માટે આ પોસ્ટ મોકલી રહ્યો છું. દરેક વ્યક્તિએ સાવધાન રહેવું જોઈએ અને જેઓ ગ્રુપમાં નથી તેમને જણાવવું જોઈએ.

## પાલનપુર ના ભરચક વિસ્તાર માં ડી.પી માં આગ લાગતા લોકોમાં દોડધામ



(બનાસકાંઠા સમાચાર)

આ અંગે ની વિગત જાણતા બનાસકાંઠા જીલ્લા માં છેલ્લા ચાર દીવસ થી પડી રહેલા અવિરત વરસાદ ના કારણે અનેક નુકસાન થઇ રહ્યુ છે. ત્યારે બુધવારે પાલનપુર ના અમિરરોડ માં શોર્ટશર્કિટ ના કારણે ડી.પી માં અચાનક આગ લાગતા સ્થાનિક લોકો માં દોડધામ મચી હતી પાલનપુર ના અમિરરોડ ના ભરચક વિસ્તાર માં ડી.પી સળગી ઉઠતા લોકો માં ભય ફેલાયો હતો અને અફરા તફરી મચી ગઇ હતી.તાત્કાલિક સ્થાનિક લોકોએ નગરપાલિકા ફાયર ફાઇટર ને જાણ કરતાં ફાયર ફાઈટર ની ટીમ ઘટના સ્થળે આવી પોંહચી હતી. અને આગ પર પાણી નો મારો વરસાવી આગને કાબુ માં લિધી હતી. જ્યારે ડી.પી. માં અચાનક આગ લાગતા યુ.જી.વી.સી.એલ ની ટીમ ઘટના સ્થળે દોડી આવી વિજ પુરવઠો બંધ કર્યો હતો. અને અમિરરોડ વિસ્તાર ની વિજળી ડુલ થઇ ગઇ હતી.

## રાજસ્થાન ના માઉન્ટ આબુમાં નક્કી લેક ઓવરફ્લો થતાં પર્યટકો નો ઘસારો

### માઉન્ટઆબુ માં બનાસવાસીઓ ની મનોરંજન માટે ભારે ભીડ જોવા મળી.




(બનાસકાંઠા સમાચાર)

હાલમાં ઉતરગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા ભારે થી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે રાજસ્થાનના મીની કાશ્મીર તરીકે ગણાતા સુ પ્રસિદ્ધ સ્થળ માઉન્ટ આબુમાં પહાડી વિસ્તારમાં ભારે વરસાદ પડતાં પહાડી ઝરણાં અને ધોધ વેહતાં થયા છે ભારે માત્રામાં પહાડી વિસ્તારમાં વરસાદ પડતાં નક્કી તળાવ ઓવરફ્લો થયું છે નક્કી તળાવ ઓવરફ્લો થતા તેનું પાણી અમીરગઢ બનાસ નદી અને આગળ દાંતીવાડા ડેમમાં પાણીની આવકમાં વધારો થશે.માઉન્ટ આબુમાં પર્યટકોની ભારે માત્રામાં ભીડ ઉમટી પડી છે ઉંચી પહાડી વિસ્તારમાંથી પડતું પાણી અને ઝરણાં ફરી જીવંત બનતા લોકોના મન હરખાયા અને કુદરતી સોંદર્ય જોવા માટે ભારે માત્રામાં પર્યટકોની ભીડજોવા મળી રહ્યા છે લોકો જાણે વાદળા માં ફરતાં હોય તેવો અહેસાસ લઈ રહ્યા છે વેહતા ઝરણાં અને વાદળોની સવારી

લઈ લોકોના મન પ્રફુલ્લિત થઈ ઝૂમી ઊઠ્યા છે.

## પાટણ લોકસભા ના કર્મઠ અને જાગૃત સાંસદશ્રી ભરતસિંહજી ડાભી ની વધુ એક માંગણી ઉપર રેલ્વે મંત્રાલયની મહોર

### પાટણ અને સમગ્ર ઉત્તર ગુજરાતના ભક્તો અને યાત્રિકોને રામદેવરા જવા-આવવા માટે સાબરમતી થી જોધપુર સુધીની ટ્રેન ને જેસલમેર સુધી લંબાવવામાં આવી.

પાટણ ,

ઉત્તર ગુજરાત માંથી રામદેવરા જવા માટે સાબરમતી થી જોધપુર (ટ્રેન નં ૧૪૮૦૪) ટ્રેન ચાલતી હતી. આ ગાડી જોધપુર સવારે ૬ વાગે જોધપુર પહોંચ્યા બાદ ૭.૦૫ વાગે જોધપુર થી જેસલમેર (ટ્રેન નં ૧૪૮૧૦) ના સ્વરૂપે જેસલમેર જતી હતી. જેસલમેર ૧૨.૪૦ વાગે ટ્રેન પહોંચ્યા પછી તે જ ટ્રેન ૧૪૮૦૯ નંબર થી ૩.૦૦ વાગે જેસલમેર થી જોધપુર સુધી રૂપાંતરિત થતી હતી. જે રાત્રે ૯.૧૦ વાગ્યે જોધપુર આવતી હતી અને આ જ ટ્રેન ૧૦ મિનિટ પછી જોધપુર થી ૧૪૮૦૩ નંબર થી ૯.૨૦ વાગ્યે સાબરમતી માટે રવાના થતી હતી.

રામદેવરાના દર્શને જતા આવતા શ્રદ્ધાળુઓને જોધપુર થી રામદેવરા જવા માટે નવી ટિકિટ અને કન્ફર્મેશનને લગતા પ્રશ્નોના કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

માન. સાંસદશ્રી ભરતસિંહજી ડાભી ના ધ્યાને આ મુશ્કેલી આવતા તેમણે કેન્દ્ર સરકારના રેલ્વે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવ અને રાજ્ય મંત્રીશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશજી ને રજૂઆત કરી હતી કે આ એક જ ટ્રેન જુદા જુદા નંબરો થી ૨ ભાગમાં ચાલે છે તો તેને સળંગ એક જ ટ્રેન કરી દેવાથી પાટણ અને સમગ્ર ઉત્તર ગુજરાતના નાગરિકોને રામદેવરા જવા-આવવા માટે સીધી દૈનિક ટ્રેન નો લાભ મળી શકે તેમ છે.

આ રજૂઆત ને દયાને લઇ રેલવે મંત્રાલય દ્વારા તારીખ ૩૧/૦૭/૨૦૨૨ થી ગાડી નંબર-૧૪૮૦૩ જેસલમેર થી સાબરમતી તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૨ થી ગાડી નંબર- ૧૪૮૦૪ સાબરમતી થી જેસલમેર સુધી કરી દેવામાં આવી છે.

સાબરમતી-જોધપુર-જેસલમેર ની આ સીધી દૈનિક ટ્રેન નો લાભ પાટણ, બનાસકાંઠા, મહેસાણા સહીત અમદાવાદ અને સમગ્ર ઉત્તર ગુજરાતના લાખો શ્રદ્ધાળુઓ ને મળશે અને રામદેવરાના પવિત્ર સ્થળ પર આવેલા રામદેવ પીરના દર્શન કરવા સરળતા થી જઈ શકાશે.

સાંસદશ્રી ભરતસિંહજી ડાભીએ રેલ્વે મંત્રીશ્રી – અશ્વિનીકુમાર વૈષ્ણવ અને શ્રીમતી દર્શનાબેન જરદોશજી અને રેલ મંત્રાલય નો આભાર માન્યો હતો.

## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વૈજ્ઞાનિક રમકડાની કીટનુ વિતરણ કરાયું

### ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આજ રોજ ૧૦ જેટલી શાળાઓને વૈજ્ઞાનિક રમકડાની કીટનું વિતરણ કરવામાં આવ્યું.

ગાંધીનગર ,

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થાય છે તેમાં વૈજ્ઞાનિક રમકડા તે બાળકોને ગમતી પ્રવૃત્તિ છે. ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તથા મંથન એજ્યુકેશન સોસાયટીના શ્રી અભય કોઠારી દ્વારા જેમાં વિજ્ઞાનના સિદ્ધાંતો સમાવેલા હોય તેવા વૈજ્ઞાનિક રમકડાની કીટ તૈયાર કરવામાં આવેલ છે નિસર્ગ સાયન્સ સેન્ટરની તમામ પ્રવૃત્તિઓમાં છેલ્લા પાંચ વર્ષથી જોડાયેલી રહેતી હોય તેવી ૧૦ સરકારી શાળાઓને આ કીટ માટે પસંદ કરવામાં આવી.



કીટ સ્વીકારવા આવેલા શિક્ષક મિત્રોનો કીટ નો ઉપયોગ કઈ રીતે કરવો તેની વિગતે સમજ આપવામાં આવી. આ કીટના ઉપયોગ દ્વારા પચાસ જેટલા રમકડા બનાવી શકાય તેવી સુંદર સામગ્રી તેમાં છે. ડો.અનિલ પટેલે આ કીટ અને તેના ઉપયોગ અંગે નિદર્શન કર્યું હતું.

## રાજ્ય સરકાર દ્વારા નવરચિત મહિસાગર જિલ્લાનું વહીવટીતંત્ર માટે વિશાળ અદ્યતન મકાનની સુવિધા પુરી પાડવામાં આવી છે

સૌપ્રથમ જિલ્લા સેવા સદન અને જિલ્લા પંચાયત તેમજ ત્યારબાદ જિલ્લા પોલીસ ભવન અને જિલ્લા કોર્ટના મકાનનું નિર્માણ થયેલ છે.

આ મકાનની આસપાસ બગીચા અને વૃક્ષોના જતન માટે બે મુખ્ય દ્વાર પર પશુઓથી રક્ષણ મેળવી શકાય તે માટે ગેટ પર પાઈપો મુકીને પ્રોટેકશન કરેલ છે ...પરંતુ આ ત્રણેય કચેરીમાં મહિસાગર જિલ્લાની જનતાની દિવસ દરમ્યાન અવરજવર કરવાના મુખ્ય ગેટ પર મૂકેલી પાઈપો પરથી પસાર છતાં તેમાં પગ ફસાઇ જાય અને પગ ભાગી જાય અને નુકશાન થાય તેવી સ્થિતિ હાલ જોવા મળે છે ..દિવસ દરમિયાન વહીવટનાં કામ માટે અત્રેની કચેરીમાં ઘણી બધી મોટી સંખ્યામાં લોકોની અવરજવર હોય ત્યારે મુખ્ય પ્રવેશદ્વાર પર પાઈપના ગેટની બાજુમાં અવરજવર થઈ શકે તેવાં નાનાં ગેટની જરૂરિયાત છે.



**સિદ્ધપુર શહેરમાં દશામાનાં ૧૦ દિવસીય વ્રતનો ભક્તિ અને શ્રદ્ધાનાં અવિરત પ્રવાહ વચ્ચે અષાઢ વદ અમાસને ગુરૂવારથી પ્રારંભ થઇ રહ્યો છે. મહિલાઓ સહિત કેટલાક પુરુષો પણ દશામાનું વ્રત કરી ૧૦ દિવસ સુધી માતાજીની આરાધના કરે છે, ત્યારે વ્રત પૂર્વે સિદ્ધપુરની બજારોમાં દશામાની મૂર્તિઓ અને પૂજાપાની સામગ્રી ખરીદવા માટે ગ્રામ્ય વિસ્તાર અને શહેરમાંથી મહિલાઓ મોટી સંખ્યામાં ઉમટી હતી અને બજારોમાં વિવિધ લારીઓને દુકાનો ઉપર ખરીદતી નજરે પડી હતી. સિદ્ધપુરમાં દશામાની મૂર્તિઓ ખરીદવા ભારે ભીડ ઉમટી માટીની મૂર્તિઓની માંગ વધી દર વર્ષ કરતા ચાલુ વર્ષે માટી માંથી બનાવેલી મુર્તીઓની માંગ વધુ જોવા મળી હતી અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તોએ માટીની મૂર્તિઓની ખરીદી કરી ત્યારે કેટલાક શ્રદ્ધાળુઓએ પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓની પણ ખરીદી કરી હતી.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.